

P.07
ભાગમ ભાગ ૨ ગોવિંદા પ્રિયદર્શન અક્ષય કુમારની ફિલ્મનો ભાગ નહીં હોય

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક



P.07
ફેમિના બની સાયબર ઠગનો શિકાર, ડિજીટલની ધરપકડ કરી રૂ. ૯૯ હજારની છેતરપિંડી કરી

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૧૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 119 • Dt. 05-12-2024 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


શિરોમણી અકાલી દળના વડા સુખબીર બાદલ પર ઘાતક હુમલો । સુવર્ણ મંદિરના ગેટ ઉપર ફાયરિંગ



07

05
DECEMBER- 2024
THURSDAY



07

સંભલ હિંસામાં પાકિસ્તાનથી આવતા હથિયારો અને દારૂગોળાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

**ખેડૂતો સાથે અન્યાય થતા આંદોલન છેડવામાં આવ્યું**

ઝાલોદ તાલુકા ૧૪ ગામના ખેડૂતોએ તંત્રને આવેદન પત્ર આપીને પોતાનો વિરોધ દર્શાવ્યો । રોષે ભરાયેલા ખેડૂતોએ ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલા હાઇવેનું કામ બંધ કરાવીને તંત્ર વિરોધી ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા । આગામી દિવસોમાં મોટું આંદોલન કરવાની ચીમકી અપાઈ

# દાહોદ જિલ્લામાં ભારતમાલા પ્રોજેક્ટનો ઉગ્ર વિરોધ

### ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલા હાઇવેના લીધે પ્રાથમિક સુવિધા ન મળતી હોવાની રાય સાથે ખેડૂતો રોષે ભરાયા । ખેડૂતોના આંદોલનને લઈને બનાવ સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો

। પ્રતિનિધિ, દાહોદ, તા.૪ ।

ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત દેશમાં અનેક જગ્યાએ ઝડપી પરિવહન માટે હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે. દિલ્લીથી મુંબઈ વચ્ચે હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે, આ હાઈવે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં થઈને પસાર થવાનો છે. પરંતુ જમીન સંપાદન અને ત્યારપછી યોગ્ય સુવિધાઓ તંત્ર તરફથી સ્થાનિકોને ન મળતાં ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. આવો જ એક વિરોધ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં જોવા મળ્યો. જ્યાં ૧૪ તાલુકાના ગામ લોકોએ ઉગ્ર પ્રદર્શન કર્યું હતું દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકા ૧૪ ગામના ખેડૂતો છે વિરોધ કરી રહ્યાં છે. ખેડૂતોનો આક્ષેપ છે કે ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત બની રહેલા હાઈવેને કારણે તેમને કોઈ પ્રાથમિક સુવિધા નથી મળતી.અગાઉ અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં તંત્રએ કોઈ જ સુવિધા આપી નથી.પ્રાથમિક સુવિધા અને કેટલીક પડતર માગણીઓ સાથે ખેડૂતોએ આવેદનપત્ર આપ્યું હતું. હાઈવનું નિર્માણ થતાં ખેડૂતોને પ્રાથમિક સુવિધાઓ પણ મળતી નથી... જેના કારણે ખેડૂતો રોષે ભરાયા હતા...અગાઉ પણ આ જ મુદ્દે પ્રદર્શન કરવામાં આવ્યું હતું.



**ભારતમાલા પ્રોજેક્ટ વિરોધ ૧૪ ગામના ખેડૂતોએ આંદોલન શરૂ કર્યું**

ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત દિલ્લીથી મુંબઈ વચ્ચે હાઈવેનું નિર્માણ થઈ રહ્યું છે...આ હાઈવે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં થઈને પસાર થવાનો છે...પરંતુ જ્યારથી આ હાઈવેનું નિર્માણકાર્ય શરૂ થયું ત્યારથી જ વિવાદમાં રહ્યું છે...પહેલા જમીન સંપાદનમાં વિવાદ થયો હતો...જોકે માંડ માંડ તે મામલો પત્યો તો હવે હાઈવેના નિર્માણકાર્યથી સ્થાનિક ખેડૂતોને થતી હેરાનગતિને કારણે વિરોધ થઈ રહ્યો છે.

### ટેલિગ્રામમાં ટાસ્ક બિઝનેસમાં રોકાણ કરવાની લાલચ આપીને ઠગાઈ કરી હતી

# પાટણમાં ક્રિપ્ટો કરન્સીના નામે સાઇબર ફ્રોડ । 33 લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

### સુરત અને જૂનાગઢ ખાતે પણ આ પ્રકારના ત્રણ જેટલા ગુના નોંધાયાનું પ્રકાશમાં આવ્યું

। પ્રતિનિધિ, પાટણ, તા.૪ ।

પાટણમાં ક્રિપ્ટો કરન્સીના નામે સાઈબર ફ્રોડ કરનાર ઝડપાયો છે. ટેલિગ્રામમાં ટાસ્ક બિઝનેસમાં રોકાણ કરવાની લાલચ આપીને ૩૩ લાખથી વધુ રકમનું સાઈબર ફ્રોડ કરનાર મહાઠગ અજય આનંદભાઈ ઈટાલિયાને પાટણની સાઈબર સેલની ટીમે ઝડપ્યો છે. અજય ઈટાલિયા સુરતનો વતની છે. તેણે અગાઉ પણ આ પ્રકારના કૌભાંડ આચર્યા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. અગાઉ સુરત અને જૂનાગઢ ખાતે પણ આ પ્રકારના ત્રણ જેટલા ગુના નોંધાયાનું પ્રકાશમાં આવ્યું છે.ફરિયાદીના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેની સાથે ટેલિગ્રામમાં ટાસ્ક પૂરો કરવાની વોટ્સએપથી વાતચીત કરી હતી. અને ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડીંગ કરાવી મોટી રકમનું કમિશન કમાવવાની લાલચ આપી હતી, જેના વિશ્વાસમાં આવી ફરિયાદીએ રૂ. ૩૩ લાખ અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી આર.ટી.જી.એસ, યુપીઆઈ, નેટ બેંકિંગથી ટ્રાન્સફર કરાવી તેમાંથી ફરીયાદીને વિશ્વાસ કેળવવા રૂ. ૧૪૯૬૧ પરત આપ્યા હતા.

## હૃદયાંજલિ



**સ્વ.દેસાઈ બબુભાઈ મોતીભાઈ**
સ્વર્ગવાસ તા.૦૧/૧૨/૨૦૨૪, રવિવાર

સ્વ.બબુબેન મોતીભાઈ દેસાઈના અવસાનથી
**'લોક પત્રિકા'** દૈનિક પરિવાર શોકની લાગણી અનુભવે છે.
**આદરણીયશ્રી ભરતભાઈ મોતીભાઈ દેસાઈ**
**(પૂર્વ સરપંચ-અલોડા)**
જેવા અન્યાયની સામે અવાજ અને અત્યાચારની સામે
હથિયાર ઉપાડનાર બાહોશ પુત્રના જન્મદાતા સ્વર્ગ લોક સિધાવ્યા છે.
ત્યારે પરમ પિતા પરમાત્મા તેમના સમગ્ર પરિવારને તેમના ઉપર આવી
પડેલી આપદા સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે
અમો સૌ અશ્રુભીની હૃદયાંજલી અર્પિત કરીએ છીએ.

લિ.
**અવેશ માલવિયા**
તંત્રી, લોક પત્રિકા દૈનિક
**સંજય જાની**
તંત્રી. અપના મિજાજ ન્યુઝ
**પરેશ (પિન્ટુ) ભાઈ દેસાઈ**
તંત્રી, મહામંથન મંતવ્ય ન્યૂઝ, વડનગર




## નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે રાજ્યસભામાં આ માહિતી આપી

# ગુજરાત રાજ્યમાં ચાર વર્ષમાં જીએસટી ચોરીના ૧૨૮૦૩ કેસ નોંધાયા । ૧૦૧ લોકોની ધરપકડ

**આવા કિસ્સાઓમાં,આઇપીસી હેઠળ ત્રણ એફઆઇઆર નોંધવામાં આવી હતી અને આ એફઆઇઆરમાં આઠ લોકોના નામ સામેલ છે**

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૪ ।

સેન્ટ્રલ ટેક્સ સત્તાવાળાઓએ ગુજરાતમાં છેલ્લા ચાર નાણાકીય વર્ષો દરમિયાન જીએસટી ચોરીના ૧૨,૮૦૩ કેસ નોંધ્યા છે અને ૧૦૧ લોકોની ધરપકડ કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે રાજ્યસભામાં આ માહિતી આપી. સીતારમને જણાવ્યું હતું કે, “ગુજરાતમાં, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૪-૨૫ દરમિયાન (૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી), કેન્દ્રીય કર માળખા દ્વારા નોંધાયેલા જીએસટી ચોરીના કેસોની સંખ્યા ૧૨,૮૦૩ છે સીજીએસટીની કલમ ૬૯ની જોગવાઈઓ હેઠળ ૧૦૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે




૩૦ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં જીએસટી ચોરીના કેસોની સંખ્યા અંગેના પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું કે આવા કિસ્સાઓમાં,આઈપીસી (હવે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩) હેઠળ ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને આ એફઆઈઆરમાં આઠ લોકોના નામ સામેલ છે.

કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે જીએસટી ચોરીના કેસોમાં સીજીએસટી એક્ટ, ૨૦૧૭ની કલમ ૬૯ ની જોગવાઈઓ હેઠળ ૧૦૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. રાજ્યસભામાં એક અલગ પ્રશ્નના જવાબમાં નાણા રાજ્ય મંત્રી પ ંકજ ચૌધરીએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં જીએસટી કલેક્શનની વિગતો આપી હતી.કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ૨૦૨૩-૨૪માં જીએસટી કલેક્શન ૨૦.૧૮ લાખ કરોડ રૂપિયા હતું. ૨.૦૮ લાખ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા હતા. ૨૦૨૨-૨૩માં વ્જીની કુલ આવક રૂ. ૧૮.૦૮ લાખ કરોડ હતી અને રૂ. ૨.૨૦ લાખ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૦-૨૧માં ગ્રોસ કલેક્શન રૂ. ૧૪.૮૩ લાખ કરોડ અને રૂ. ૧૧.૩૭ લાખ કરોડ હતું. આ બે વર્ષમાં અનુક્રમે રૂ. ૧.૮૩ લાખ કરોડ અને રૂ. ૧.૨૫ લાખ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા હતા. ચાલુ નાણાકીય વર્ષ (એપ્રિલ-ઓક્ટોબર)માં ગ્રોસ જીએસટી કલેક્શન રૂ. ૧૨.૭૪ લાખ કરોડ હતું, જ્યારે રૂ. ૧.૪૭ લાખ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા હતા. નેટ જીએસટી કલેક્શન રૂ. ૧૧.૨૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્ટ્રલ ટેક્સ સત્તાવાળાઓએ ગુજરાતમાં છેલ્લા ચાર નાણાકીય વર્ષો દરમિયાન જીએસટી ચોરીના ૧૨,૮૦૩ કેસ નોંધ્યા છે અને ૧૦૧ લોકોની ધરપકડ કરી છે.

## માત્ર ૪૮ કલાકમાં આપઘાતની ૮ ઘટનાથી સુરતમાં હડકંપ

। પ્રતિનિધિ, સુરત,તા.૪ ।

રાજ્યમાં લગભગ દરરોજ આપઘાતની ઘટનાઓ સામે આવી રહી છે. આ તરફ હવે ડાયમંડ નગરી સુરતથી જે સમાચાર સામે આવ્યા તે ખરેખર ચોંકાવનારા છે. વાસ્તવમાં સુરતમાં ૪૮ કલાકમાં આપઘાતની ૮ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આ આપઘાતની ઘટનાઓમાં કોઈએ આર્થિક તંગીને કારણે જીવન ટૂંકાવ્યું તો કોઈએ સામાન્ય બાબતોમાં આપઘાત કરી લીધો છે. આ તરફ મૃતકોના પરિજનોમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.સુરતમા ૪૮ કલાકમાં આપઘાતના ૮ બનાવ સામે આવતા ચકચાર મચી ગઈ છે. વિગતો મુજબ ભાજપ મહિલા નેતા સહિત બે દિવસમાં ૮ લોકોએ જીવન ટૂંકાવ્યું છે. જેમાં એક રત્ન કલાકારે આર્થિક મંદીને કારણે જીવન ટૂંકાવ્યું છે. સંજય રામજી મકવાણાએ હીરામાં મંદી હોવાથી કામ ન મળતા આપઘાત કર્યો છે.આ સાથે ડાયમંડ નગરીમાં ૪ યુવક, ૨ આધેડ, ૨ યુવતીએ આપઘાત કર્યો છે.

## સુરત સરકારી શાળામાંથી યુવકનો લટકતો મૃતદેહ મળી આવ્યો

। પ્રતિનિધિ, સુરત, તા.૪ ।

સુરતના વરાછા હીરાબાગ વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાંથી અજાણ્યા વ્યક્તિનો લટકતો મૃતદેહ મળ્યો છે. શાળાના ગાર્ડનની અંદર હિચકાની સાંકળ સાથે યુવકે ફાંસી લગાવી છે.હીરાબાગની સ્કૂલમાં આવેલ ગાર્ડનની અંદર હીંચકાની સાંકળમાં યુવકે ગળાફાંસો ખાધો હતો. સ્કૂલની અંદર સિક્યુરિટી ગાર્ડ રજા ઉપર હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ કાપોદ્રા પોલીસને થતા ઘટના સ્થળે પહોંચી તપાસ ચાલુ કરી હતી. મૃતદેહને હાલ પીએમ અર્થે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા ખાતે અજાણ્યા યુવકે આપઘાત કરી લીધો હતો. હીંચકાની સાંકળ સાથે ગળું બાંધીને આપઘાત કરી લીધો હતો. જેથી શાળા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલ પોલીસ દ્વારા સીસીટીવી ની મદદ લઈ તપાસ ચાલુ કરવામાં આવી છે.

## નડિયાદના એક્સપ્રેસ હાઇવે પર ગંભીર અકસ્માત,ત્રણના લોકોના મોત, બે ઘાયલ

। પ્રતિનિધિ, ખેડા, તા.૪ ।

ખેડા જિલ્લામાં માર્ગ અકસ્માતો સતત વધી રહ્યા છે. ચોંકાવનારી ઘટના નડિયાદ નજીક એક્સપ્રેસ હાઈવે પર ગઈકાલે રાત્રે બની હતી. જેમાં પુરપાટ તરફથી આવી રહેલી કારનું ટાયર અચાનક ફાટતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા છે. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.અમદાવાદ-વડોદરાને જોડતો એક્સપ્રેસ હાઈવે નડિયાદ નજીકથી પસાર થાય છે. મંગળવારે મોડી રાત્રે આ જ હાઈવે પર બિલોદરા બ્રિજ પાસે ગોઝારા અકસ્માત સર્જાયો હતો. જેમાં અચાનક ત્યાંથી પસાર થતી એક કારનું ટાયર ફાટતાં આ કાર ડિવાઈડર કૂદીને રોડની સાઈડમાં ગઈ હતી અને સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ હતી. આ ઘટનામાં કારનો ખૂણો પલટી ગયો હતો. કારમાં સવાર એક મહિલા સહિત પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં ત્રણના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

## પોલીસે અથાણા અને રસગુલ્લાના ડબ્બામાં સંતાડેલો ગાંજાનો જથ્થો પણ શોધી કાઢ્યો!

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

ગુજરાત પોલીસના સ્નિફર ડોગ્સે ફરી એકવાર તેમની કુશળતા સાબિત કરી છે. છેલ્લા છ મહિનાના સમયગાળામાં, સ્નિફર ડોગ્સની ટીમે ૮ ગુનાઓ સફળતાપૂર્વક ઉકેલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સ્નિફર ડોગ ટીમે એન.ડી.પી.એસના બે કેસ ઉપરાંત એક હત્યા, બળાત્કાર, ઘરફોડ અને બે ચોરીના ગુનાઓ ઉકેલવામાં સફળતા મેળવી છે. સ્નિફર ડોગ્સ અને તેને તાલિમબદ્ધ કરનાર ટીમ ઉપરાંત તમામ ડોગ હેન્ડલર્સની આ કામગીરીની રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પ્રસંશા કરી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.જે અંતર્ગત તા.૨૧મી ઓક્ટોબર-૨૦૨૪ના રોજ ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાંથી તાલીમબદ્ધ નાર્કોટિક્સ ડોગ ‘ગુલાબ’એ સ્ટીલના ડબ્બામાં અથાણા અને રસગુલ્લા મિઠાઈની વચ્ચે આખી સેલોટેપ વિંટળીને સંતાડેલો ગાંજાનો જથ્થો શોધી કાઢ્યો હતો.

## સર્કલ ઓફિસર રૂ.૧૦,૦૦૦ની લાંચ લેતા લાંચિયો નાયબ મામલતદાર ઝડપાયો

। પ્રતિનિધિ, પંચમહાલ, તા.૪ ।

પંચમહાલના કાલોલ મામલતદાર કચેરીમાં એસીબીની ટ્રેપમાં સર્કલ ઓફિસર રાકેશ સુતરીયા લાંચ લેતા પકડાયા છે. ફરિયાદી પાસેથી રાકેશ સુતરીયા રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા ઝડપ ાયા છે. સમગ્ર મામલે હાલ ગોધરા એસીબીએ વધુ તપાસ હાથ ધરી છે. ગુજરાતમા એસીબી વિભાગ લાંચને લઈ સતર્ક છે, જો તમારી પાસે કોઈ અધિકારી કામ કરાવવાને લઈ લાંચ માંગે તો તમે એસીબીનો સંપર્ક કરી શકો છે. ત્યારબાદ એસીબી તમારો સંપર્ક કરશે અને ટ્રેપ સફળ બનાવી શકે છે.ગુજરાતમાં એસીબી વિભાગ લાંચને લઈને સતર્ક છે, જો કોઈ અધિકારી તમારી પાસે કામ કરવા માટે લાંચ માંગે તો તમે એસીબી ૧૦૬૪ પર સંપ ર્ક કરી શકો છો, આ નંબર એસીબીનો ટોલ ફ્રી નંબર છે જેમાં તમે અધિકારીનું નામ અને સ્થળની વિગતો આપી શકો છો. જો તે કામ કરશે તો ACB તમારો સંપર્ક કરશે અને ટ્રેપને સફળ બનાવશે.પંચમહાલના કાલોલ મામલતદાર કચેરીમાં એસીબીની ટ્રેપમાં સર્કલ ઓફિસર રાકેશ સુતરીયા લાંચ લેતા પકડાયા છે. ફરિયાદી પાસેથી રાકેશ સુતરીયા રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયા છે. સમગ્ર મામલે હાલ ગોધરા એસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.

## હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની આગાહી કરી

# ગુજરાતમાં ઠંડીની જામતી સીઝન । નલિયા અને સરહદી વિસ્તારોમાં તાપમાન ૧૨ ડિગ્રી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

ગુજરાતમાં ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ છે, તેથી ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી પડી રહી છે. નલિયા અને સરહદી વિસ્તારોમાં તાપમાન ૧૨ ડિગ્રીએ પહોંચ્યું હતું., ગાંધીનગર જેવા શહેરી વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો છે, જ્યારે ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો છે.જો કે હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ ઠંડી પ ડવાની આગાહી કરી છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડી પડી રહી છે. તાપમાન મોટે ભાગે ઘટી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીથી ૨૩.૫ ડિગ્રીની વચ્ચે છે. જે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સાથે ગુજરાતનું સૌથી ઠંડુ શહેર હતું. જ્યારે ઓખામાં તાપમાન ૨૩.૫ ડિગ્રી નોંધાયું હતું.જોકે, ગુજરાતની આસપાસના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૬-૧૮ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં બે ડિગ્રીથી વધુ ઠંડીનું પ્રમાણ નોંધાયાને બે દિવસથી પણ ઓછો સમય થયો છે. મંગળવારે લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થયો છે. સોમવારે લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ૧૮.૬ ડિગ્રી નોંધાયું હતું.આ રીતે ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો છે. જો કે સવારથી મોડી સાંજ સુધી ઠંડીની અસર જોવા મળી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ડિસેમ્બરનો અંત સૌથી ઠંડો મહિનો છે. તેનું સાચું સ્વરૂપ આ મહિનામાં ખુલવાનું બાકી છે. ડિસેમ્બરની શરૂઆતથી જ તાપમાનનો પ ારો ૧૨ ડિગ્રીએ પહોંચી ગયો છે, પરંતુ આગામી દિવસોમાં તળાવની આસપાસ અને આસપાસનો પારો વધુ ઉંચકાય તેવી શક્યતા છે. ગાંધીનગર જેવા શહેરી વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયો છે, જ્યારે ઠંડીમાં આંશિક ઘટાડો નોંધાયો છે.જો કે હવામાન વિભાગે આગામી દિવસોમાં વધુ ઠંડી પડવાની આગાહી કરી છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડી પડી રહી છે.



## ડો.સંજય પટોળિયાની આગોતરા જામીન અરજી મંગળવારે ફગાવી દેવામાં આવી હતી

# ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં ભૂગર્ભમાં ઉતરી ગયેલા ડો. સંજય પટોળિયાની ધરપકડ

**ડો. સંજય પટોળિયા અમદાવાદ ઉપરાંત રાજકોટ અને સુરતની હોસ્પિટલો સાથે સંકળાયેલા છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

રાજ્યભરમાં સનસનાટી મચાવનાર કૌભાંડમાં આરોપી બનાવી ભૂગર્ભમાં ઉતરી ગયેલા ડો. સંજય પટોળિયાની પોલીસે ધરપકડ કરી છે. ડૉ.સંજય પટોળિયાની આગોતરા જામીન અરજી મંગળવારે ફગાવી દેવામાં આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ કેસની તપાસ સોંપ્યા બાદ અત્યાર સુધીમાં કુલ સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે કાર્તિક પટેલ અને રાજશ્રી કોઠારી હજુ પોલીસની પહોંચની બહાર છે.

ડૉ.સંજય પટોળિયા ૧૯૯૯માં સર્જરી વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજકોટ સરકારી હોસ્પિટલમાં જોડાયા હતા. ત્યારબાદ તેણે ગેસ્ટ્રો અને બેરિયાટ્રિક સર્જન તરીકે ખાનગી પ્રેક્ટિસ શરૂ કરી. ૨૦૦૫માં તેમણે રાજકોટમાં ન્યુ લાઈફ હોસ્પિટલ શરૂ કરી. ત્યારબાદ ૨૦૧૪માં, અમદાવાદમાં જીટ હાઈવે પર



એશિયન બેરિયાટ્રિક્સ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી, જેનું નામ બદલીને ૨૦૧૯માં ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ રાખવામાં આવ્યું હતું, જે હાલમાં સમગ્ર રાજ્યમાં સમાચારોમાં છે.

ખ્યાતિ કાંડમાં જેમની સામે ફરિયાદ નોંધાઈ છે તેમાંના એક ડૉ. સંજય પટોળિયા અમદાવાદ ઉપરાંત રાજકોટ અને સુરતની હોસ્પિટલો સાથે સંકળાયેલા છે. આ ત્રણેય હોસ્પિટલના નામ અલગ-અલગ છે. અમદાવાદમાં હાલમાં જે હોસ્પિટલ ચર્ચામાં છે તેનું નામ ડૉ. સંજય પટોળિયાના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે પ્રખ્યાત મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરી હતી, જેનું નામ અગાઉ એશિયન બેરિયાટ્રિક હતું. જ્યારે ડો.નરવડીયા સહિતના બે પાર્ટનર ડોકટરો કોઈ કારણસર ભાગીદારીથી અલગ થઈ ગયા ત્યારે કાર્તિક પટેલ આ હોસ્પિટલમાં આવ્યા અને તેનું નામ ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પિટલ રાખ્યું. આ ઉપરાંત સંજય પટોલિયા રાજકોટની ન્યુ લાઈફ હોસ્પિટલ અને સુરતની સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ સાથે પણ સંકળાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.૧૧ નવેમ્બરના રોજ, કડીના બોરીસણા ગામના ૧૯ લોકોની એન્જિયોગ્રાફી અને તેમાંથી ૭ની એન્જિયોપ્લાસ્ટી અમદાવાદના એસજી હાઈવે પર આવેલી ખ્યાતી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં કરવામાં આવી હતી. જેમાંથી બે દર્દીઓના મોત થતા હોસ્પિટલમાં હોબાળો મચી ગયો હતો.પીએમજેએવાય યોજનાનો લાભ મેળવવા માટે ખ્યાતી હોસ્પિટલના સંચાલકો અને ડોકટરોએ ખોટી રીતે એવા લોકોનું ઓપરેશન કર્યું હતું જેમને તેની જરૂર ન હતી. આ મામલામાં ફરિયાદ નોંધાયા બાદ તમામ લોકો પર ઓપરેશન કરનાર ડો.પ્રશાંત વજીરાનીની ધરપકડ કરવામાં આવી હતી. રિમાન્ડ પૂરા થતાં તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો.

---

## દસ્ક્રોઇ મામલતદાર કચેરી લાંચનો મામલો સામે આવ્યો

# અમદાવાદ શહેરમાંથી વધુ એક લાંચિયો ઝડપાયો, રૂ.૭૫,૦૦૦ ની લાંચ માંગી હતી



। અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં આમ તો લોકો ભ્રષ્ટાચારની વાતો કરતા જ હોય છે સાથે જ લાંચ લેતા ઘણા અધિકારીઓ એસીપીના હાથે ઝડપાયા છે પરંતુ આજે એક એવો કિસ્સો સામે આવ્યો છે જેના વિશે જાણીને તમે પણ વિચારમાં પડી જશો .આપને જણાવીએ કે, દસ્ક્રોઇ મામલતદાર કચેરી લાંચનો મામલો સામે આવ્યો છે.ફરીયાદીએ ખેડુત હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા દસ્ક્રોઈ પ્રાંત કચેરીમાં કુલ-૭ અરજીઓ કરેલ હતી, જે અરજીઓ રીજેક્ટ થતા ખુટતા કાગળો સાથે ફરીથી કુલ-૭ અરજીઓ કરેલ. જે પૈકી બે અરજીઓ દફતરે કેરલ અને બાકીની પાંચ અરજી ના કામે આરોપીએ દસ્ક્રોઈ મામલતદાર કચેરી નો અભિપ્રાય આપવા પેટે એક અરજી દીઠ રૂ.૫,૦૦૦ /- તેમજ પ્રાંત કચેરીમાં આગળના કામ પેટે એક અરજી દીઠ રૂ.૧૦,૦૦૦/- મળી એક અરજીના રૂ.૧૫,૦૦૦/- લેખે કુલ પાંચ અરજીના કુલ રૂ.૭૫,૦૦૦/- ની લાંચની માંગણી ફરીયાદી પાસે કરી હતી.આ લાંચના નાણાં આજરોજ આપી જવાનો વાયદો કરેલ હોય ફરીયાદી આ લાંચની રકમ આપવા માંગતાના હોવાથી એસ-ીબીનો સંપર્ક કર્યો હતો, ફરીયાદીની ફરીયાદ આધારે લાચનું છટકું ગોઠવવામાં આવેલ, અને લાંચના છટકા દરમ્યાન આરોપીએ હેતુલક્ષી વાતચીત કરી, લાંચના નાણાંની માંગણી કરી, સ્વીકારી, રંગે હાથે ઝડપી પડ્યો હતો.

## વલસાડમાં મોતીવાડમાં યુવતી પર રેપ વિથ મર્ડર, આરોપીની ધરપકડ

। માહિતી બ્યુરો, વલસાડ, તા.૪ ।

ગુજરાતમાં દિવસે દિવસે ક્રાઈમની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.વલસાડના મોતીવાડમાં યુવતી પર રેપ વિથ મર્ડરનો મામલો બન્યો છે. ત્યારે વલસાડના પારડીના મોતીવાડામાં યુવતીના મોત અંગે ખુલાસો થયો છે. યુવતીની પીએમ રિપોર્ટમાં દુષ્કર્મ બાદ હત્યા થઈ હોવાનું ખુલ્યું છે. મૃતક યુવતીના શરીર પરથી ઈજાના નિશાન પણ મળી આવ્યા છે.જિલ્લા પોલીસવડા સહિત ટીમે ઘટના સ્થળ પર નિરીક્ષણ કર્યું છે. ઘટના સ્થળેથી બેગ, ચપંલ, પાણીની બોટલ, ચાદર પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસની ૧૦થી વધુ ટીમે આંતરરાજ્ય તપાસ શરુ કરી છે.પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે તપાસ કરીને આરોપીનો ઈતિહાસ શોધ્યો, આરોપીએ કરેલી વધુ એક હત્યાનો ભેદ ઉકેલાયો, ડભોઈમાં ૮ જૂનના રોજ રેલવે સ્ટેશન પર યુવકને ઉતારી લૂંટના ઈરાદે યુવકની હત્યા કરી હતી.છેલ્લા ૨૫ દિવસમાં ૫ રેપ વિથ મર્ડરના ગુનાઓનો ખુલાસો થયો હતો. ડભોઈમાં કરેલી વધુ એક હત્યાની આરોપીએ કબુલાત કરી છે. અત્યાર સુધી ૬ હત્યાનો ભેદ ઉકેલાયો, આરોપી અત્યારે રિમાન્ડ હેઠળ છે. હજુ પણ અન્ય ગંભીર ગુનાઓના ભેદ ઉકેલવાની શક્યતા છે. ગુજરાતમાં દિવસે દિવસે ક્રાઈમની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.વલસાડના મોતીવાડમાં યુવતી પર રેપ વિથ મર્ડરનો મામલો બન્યો છે. ત્યારે વલસાડના પારડીના મોતીવાડામાં યુવતીના મોત અંગે ખુલાસો થયો છે.







## તંત્રી લેખ...

# હવે અંગ્રેજીનો ક્રેઝ

આ માહિતી ચોંકાવનાર છે કે અંગ્રેજી બોલવા અને તેમાં કામ કરવાની કુશળતાના મામલે અમે થોડાક પાછળ રહી ગયા છીએ. જ્યારે ચીને પોતાની સ્થિતીમાં ઝડપથી સુધારો કર્યો છે. સ્વીડનની શિક્ષણ સંસ્થા ઈએફ એજ્યુકેશન ફર્સ્ટના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત આ વર્ષે ૨૨માં સ્થાન પર છે. જ્યારે ગયા વર્ષે તે ૨૦માં ક્રમાંક પર રહેતા તેની ચર્ચા રહી હતી. એટલે કે હવે તેની સ્થિતી અગાઉના વર્ષની તુલનામાં નબળી પડી રહી છે. બીજી બાજુ ચીન પોતાના સ્થાનમાં અને પ્રદર્શનમાં સુધાર કરીને સીધી રીતે આઠ સ્થાન સુધાર કરીને તે હવે ૩૯માં સ્થાન પર છે. આ રિપોર્ટ ૭૨ દેશોના ૯૫૦૦૦૦ યુવાનોને આવરી લઈને કરવામાં આવેલા ઈંગ્લિશ ટેસ્ટ પર આધારિત  છે. ઈએફ એજ્યુકેશન ફર્સ્ટ બિન અંગ્રેડી ભાષા દેશોની અંગ્રેજીની કુશળતાને લઈને ટેસ્ટ કરે છે. તેમના મુલ્યાંકન કરે છે. ભારતના સંબંધમાં આ નિષ્કર્ષ કાઢવાની બાબત મુશ્કેલ છે કે ભારતીય ભાષામાં જોર વધવાના કારણે અંગ્રેજી પ્રત્યે ધ્યાન લોકોનુ હટી ગયુ છે. દેશમાં આવી કોઈ પ્રક્રિયા હાલમાં ચાલી રહી નથી. ચોક્કસપણે ૬૦ના દશકમાં હિન્દી સમર્થક રાજનિતીની ધારા ચોક્કસપણે ઉભરી આવી હતી. જેના દ્વારા અંગ્રેજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ આજે આ રાજકીય બાબત દેખાઈ રહી નથી. તેની કોઈ ચર્ચા જોવા મળી રહી નથી. છેલ્લા એઓક દોઢ દાયકામાં અંગ્રેજીમાં અભ્યાસ કરનાર અને આને લઈને એક સર્વસંમતી બની છે. અંગ્રેજીને મહત્વ આપવામાં આવી રહ્યુ છે. નેશનલ યુનિવર્સિટી ઓફ એજ્યુકેશન, પ્લાનિંગ એનડ એડમિનિસ્ટ્રેશનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૦૩-૨૦૦૪થી વર્ષ ૨૦૧૦-૧૧ના ગાળા દરમિયાન અંગ્રેજી માધ્યમની  સ્કુલોમાં પ્રવેશ માટેના આંકડામાં ૨૭૪ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. હિન્દીને ઓછુ મહત્વ આ ગાળામાં મળ્યુ છે. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. આજના પેરેન્ટસ ભાષાના પ્રશ્ન પર ભાવુકતાથી જોવાના બદલે વ્યહારિક રીતે નિહાળે છે. પેરેન્ટસને આ અંગેની માહિતી છે કે અંગ્રેજી તમામ સામાજિક-આર્થિક ગતિવિધીના એકલા માધ્યમ તરીકે ઉભરી છે. મોડર્ન ટેકનોલોજી અને લાઈફ સ્ટાઈલની સાથે સાથે તાલમેળ બેસાડી દેવા માટે આ બાબત આજે ખુબ જરૂરી પણ બની છે. અંગ્રેજી આજે રોજી રોજગારીની ભાષા પણ છે. પાવર પણ અંગ્રેજીમાં દેખાય છે. પરંતુ અમારા દેશની સમસ્યા એ છે કે બ્રિટીશ સામ્રાજયવાદમાં લાંબા સમય સુધી રહેવાના કારણે અંગ્રેજી હવે માત્ર એક ભાષા તરીકે રહી નથી. આ આંકડા સમાજના બદલાઈ રહેલા માઈન્ડસેટને દર્શાવે છે. સમાજ વર્ગોમાં વિભાજિત હોવાના કારણે અહીં અંગ્રેજીના પણ કેટલાક મુલ્યો છે.



**સરકારી નોકરીમાં ઘટતી જતી તકો માટે કેટલાક નક્કર કારણ છે...**

**૩૩ વર્ષની સેવા કરી ચુકેલી કર્મચારીઓને નિવૃતિ આપી દેવાની રહેલી છે. જ્યારે આ પ્રકારના હેવાલ આવ્યા ત્યારે હોબાળો થયા બાદ સંસદીય બાબતોના મંત્રાલય કેન્દ્ર સરકાર દ્વારા ખુલાસો કરવાની ફરજ પડી હતી**

# સરકારી નોકરીને લઇને આકર્ષણ

**ખાનગી ક્ષેત્ર વેતન અને ભથ્થામાં સુધારો કરશે અને સેવા શરતોને આકર્ષક બનાવશે તો સરકારી નોકરીને લઇને આકર્ષણ ઘટશે**

હાલના દિવસોમાં સરકારી કર્મચારીઓની સાથે જોડાયેલા સમાચારોને લઈને બજાર ગરમ છે. એક બાજુ થોડાક સમય પહેલા એવા હેવાલ આવ્યા હતા કે ભારત સરકાર સરકારી કર્મચારીઓની સેવાનિવૃતિની વય મર્યાદા ૬૦ વર્ષથી વધારીને ૬૨ વર્ષ કરવા માટે તૈયાર છે. હવે એવા પણ હેવાલ આવી રહ્યા છે કે સરકારની યોજના સેવાનિવૃતિની વય તો યથાવત રાખવાની છે પરંતુ ૩૩ વર્ષની સેવા કરી ચુકેલી કર્મચારીઓને નિવૃતિ આપી દેવાની રહેલી છે. જ્યારે આ પ્રકારના હેવાલ આવ્યા ત્યારે હોબાળો થયા બાદ સંસદીય બાબતોના મંત્રાલય કેન્દ્ર સરકાર દ્વારા ખુલાસો કરવાની ફરજ પડી હતી. સરકારને કહેવુ પડ્યુ કે તેની આવી કોઈ યોજના નથી. છતાં પણ એટલી બાબત તો સમજી લેવાની છે કે અપેક્ષાકૃત સરળ અનવે આરામદાયક ગણાતી સરકારી નોકરીમાં પણ સેવા શરતોમાં હવે મોટા પાયે ફેરફાર કરવામાં આવી શકે છે. આ જ કારણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર સરકારે પોતાના ભ્રષ્ટ અને નિષ્ક્રિય બની ગયેલા અધિકારીઓને બળજબરીપૂર્વક નિવૃત કરીને ઘરનો રસ્તો બતાવી દીધો છે.

એકબાજુ હાલના સમયમાં સરકારી કર્મચારીઓ પ્રજા પ્રત્યે તેની જવાબદારી વધારે અસરકારક રીતે અદા કરે તેવી માંગ ઉઠી રહી છે. બીજી બાજુ દેશમાં બેરોજગારી જોરદાર રીતે વધી રહી છે. બેરોજગારી વર્ષોથી એક ગંભીર સમસ્યા બનેલી છે. સમજવાની બાબત એ છે કે રોજગારમાં જે કમીની વાત કરવામાં આવી રહી છે તે પ્રમુખ રીતે સરકારી નોકરી સાથે સંબંધિત છે. આ બાબત પણ યોગ્ય છે કે વસ્તી જે ગતિથી વધી રહી છે  તેની સરખાણમણીમાં રોજગારીમાં વધારો થઈ રહ્યો નથી. આ કમી માટે એ કર્મીઓ પણ ઓછા જવાબદાર નથી જે કર્મચારીઓએ સરકારી વિભાગોની ઓળખને સુસ્ત અને ઉદાસીન કામવાળા વિભાગ તરીકે ઉભી કરી દીધી છે. એક પક્ષ એ પણ છે કે કોઈ પણ સરકારી કામકાજ માટે જેટલો ખર્ચ કરવામાં આવે છે તે જ કામ માટે ખાનગી ક્ષેત્રે રહેલા લોકો ઓછા ખર્ચમાં પૂર્ણ કરી આપે છે. જાણકાર લોકો કહે છે કે સરકારી નોકરી મેળવી લીધા બાદ યુવાનો શરૂઆતમાં શાનદાર રીતે અને ઉત્સાહથી કામ કરે છે પરંતુ ધીમે ધીમે તેમનો ઉત્સાહ ઓછો થતો જાય છે.

આ બાબત જુદી છે કે નોકરીમાં આવતા પહેલા તેમની માનસિકતા કઈક કરી બતાવવા માટેની હોય છે. આ તમામ બદલાયેલી પ્રાથમિકતાના કારણે જ સરકારી ઓફિસમાં કર્મચારીઓ દિનપ્રતિદિન કામને લઈને ઉદાસીન બનતા જાય છે. સાથે સાથે કામ પર પુરતુ ધ્યાન આપતા નથી. એટલુ જ નહીં બલ્કે ઓફિસના સમયમાં અંગત કામકાજને પૂર્ણ કરવામાં પણ ખચકાટ અનુભવ કરતા નથી. કેટલાક લોકો તો કામના બદલે જે વેતન મળે છે તેને અપુરતા તરીકે ગણીને કમાણીના બીજા વિકલ્પ તરીકે પણ કોઈ કામ શોધતા રહે છે. સરકારી સ્કુલોમાં શિક્ષકો અને સરકારી હોસ્પિટલમાં તબીબોની આવી જ સ્થિતી રહેલી છે. શિક્ષકો પોતાના પદસ્થાનવાળા સ્કુલોમાં બાળકો પર ધ્યાન ઓછુ આપે છે અને ટ્યુશન પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે. ડોક્ટર પણ સરકારી હોસ્પિટલમાં અસરકારક રીતે ફરજ અદા કરવાના બદલે ખાનગી ક્લિનિક પર જામેલા રહે છે. જ્યારે સ્થિતી આવી હોય છે ત્યારે સરકારી કર્મચારીઓ અને સરકારી સંસ્થાઓ પ્રત્યે સામાન્ય વ્યક્તિનુ વલણ પણ આવી જ થઈ જાય છે. આનુ પરિણામ એ છે કે લોકો પોતાના બાળકોને સરકારી સ્કુલોમાં ભણવા માટે મોકલતા નથી.

બીજી બાજુ સક્ષમ લોકો સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવી લેવાના બદલે ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરવાનુ પસંદ કરે છે. સવાલ એ છે કે જ્યારે સ્કુલોમાં વિદ્યાર્થીઓ ઓછા હોય છે અને સરકારી હોસ્પિટલમાં દર્દીઓ ઓછા હોય છે ત્યારે ત્યાં સરકારી કર્મચારીઓની સંખ્યા કઈ રીતે વધી શકે છે. આવી જ સ્થિતી તમામ સરકારી વિભાગોમાં જોઈ શકાય છે. અમારે ત્યાં સરેરાશ વયમાં વૃદ્ધિ પણ એક મોટા કારણ તરીકે છે. જેના કારણે સેવાનિવૃતિની વય વધારી દેવા માટેની માંગ ઉઠી રહી છે. તબીબી સેવામાં સુધારાના કારણે નિવૃતિ બાદ પણ વ્યક્તિ સ્વસ્થ અને ફિટ રહે છે. જેથી તેઓ ઈચ્છે છે કે તેમને વધારે થોડાક સમય સુધી કામ કરવાની તક આપવામાં આવે. જેના કારણે કેટલાક ક્ષેત્રોમાં તો સેવા નિવૃતિની વય વધારી દેવામાં આવી છે.



# સ્ટાર્ટ અપ શરૂ કરવાનો ક્રેઝ વધ્યો

રૂરલ ઈન્ડિયામાં આજે પણ સાક્ષરતા દર ૬૯ ટકાની આસપા છે. જ્યારે વૈશ્વિક સ્તર પર ગ્રામીણ સાક્ષરતાનો દર ૮૬ ટકાની આસપાસ છે. સાક્ષરતાનો આ દર સ્ટાર્ટ અપ માટે શાનદાર અને શ્રેણીબદ્ધ અવસર ઉપલબ્ધ કરાવે છે. ઈન્ડિયાના પ્રાઈમરી એજ્યુકેશન સિસ્ટમને મજબુત કરવામાં યુવા ઉદ્યોગ સાહસિકોની ચાવીરૂપ ભૂમિકા જોવા મળી રહી છે. ભારતના પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થાને મજબુત કરવામાં યુવા ઉદ્યોગ સાહસિકોના ઈનોવેટિવ આઈડિયા માત્ર એજ્યુકેશન સિસ્ટમને નવી દિશા આપી રહ્યા નથી બલ્કે શાનદાર સ્ટાર્ટ અપ વિકસિત કરવામાં પણ ચાવીરૂપ છે. અહીં સ્કુલોમાં બાળકોની સંખ્યા તો વધી રહી છે પરંતુ શિક્ષકોની સંખ્યા વધી રહી નથી. જેથી આવી સ્થિતીમાં ટેકનોલોજી આધારિત એજ્યુકેશન સિસ્ટમ આમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે. ભારતમાં એડટેક સેક્ટરમાં કેટલાક સ્ટાર્ટ અપ આવી ચુક્યા છે., જો કે હજુ પણ આ સેક્ટરમાં વ્યાપક તક રહેલી છે. જાણકાર લોકો આજે કહી રહ્યા છે કે ભારતમાં દુનિયામાં ત્રીજા સૌથી મોટા સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ આકાર લઈ રહ્યા છે. જેમાં સૌથી વધારે સંખ્યા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ અપની છે. અલબત્ત ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ અપની સંખ્યા હજુ પણ ખુબ ઓછી છે. જનરેશન ઝેડ જે ટેક્રો ફ્રેન્ડલી છે. તેમના માટે આ ક્ષેત્રમાં અનેક તક રહેલી છે. સ્માર્ટ ક્લાસરૂપ્થી વર્ચુઅલ રિયાલિટી એજ્યુકેશન સિસ્ટમ, થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજી સહિત અન્ય આઈડિયાના એજ્યુકેશનલ સ્ટાર્ટ અપના ઓપ્શન પ્રાઈમરી એજ્યુકેશનસેક્ટરમાં રહેલા છે. જાણકાર લોકોનુ કહુ છે કે ઈન્ડિયન એજ્યુકેશન સેક્ટરમાં કામ કરી રહેલા સ્ટાર્ટ અપ માટે વર્ષ ૨૦૧૮ ખુબ સફળ રહેતા તેમાં કેટલીક સફળતા હાંસલ કરવામાં આવી છે. ગ્લોબલ ઈન્વેસ્ટર હવે ઈન્ડિયન એડટેક સ્ટાર્ટ અપમાં રસ ધરાવે છે. ઈન્ડિયન એડટેક સ્ટાર્ટ અપને વર્ષ ૨૦૧૮માં ૭૪૨ મિલિયન ડોલરનુ જંગી રોકાણ મળ્યુ હતુ. જે છેલ્લા પાચ વર્ષની તુલનામાં બે ગણા કરતા વધારે છે. આપને આ બાબત જાણીને હેરાનગતિ થશે કે આ સેક્ટરમાં સૌથી વધારે ૭૩૩ ટકા સુધી ગ્રોથ રેટ રહ્યો છે. ધ આઈબીએમ ઈન્સ્ટીટ્યુટ ફોર બિઝનેસ વેલ્યુના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૯૦ ટકા કરતા વધારે સંખ્યામાં ભારતીય સ્ટાર્ટ અપ બંધ થઈ જાય છે. શરૂઆતી પાંચ વર્ષમાં જ આ સ્ટાર્ટ અપ બંધ થઈ જાય છે. આનુ મુખ્ય કારણ ઈનોવેશનની કમી હોય છે.



**કોમર્સ ફિલ્ડ સાથે જોડાયેલા લોકો આ ક્ષેત્રે કેરિયર બનાવી શકે....**

**કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર ખુબ શાનદાર છે કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે કામ કરીને મોટી સફળતા હાંસલ કરી શકે છે કોમર્સના વિદ્યાર્થીઓ સામાન્ય રીતે કારોબાર સાથે જોડાયેલા ક્ષેત્રમાં આગળ વધે છે**

# સ્ટોક બ્રોકિંગ ફિલ્ડમાં કેરિયર બનાવો

**સ્ટોક બ્રોકર શેર માર્કેટમાં પોતાના ક્લાઇન્ટના લેવડદેવડના મામલાને જોવે છે : કોમ્પ્યુટરમાં પ્રાથમિકતા રહે તે તમામ માટે જરૂરી છે**

આધુનિક સમયમાં સ્ટોક બ્રોકિગંના ક્ષેત્રમાં પણ શાનદાર કેરિયર બનાવી શકાય છે. જો તમે કોમર્સના ક્ષેત્ર સાથે જોડાયેલ છો તો આ ક્ષેત્રે શાનદાર કેરિયર રહેલી છે. કોમર્સ સાથે જોડાયેલા લોકો સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રે ઉલ્લેખનીય કેરિયર બનાવી શકે છે. હાલના સમયમાં સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રમાં કેરિયર બનાવવા માટેની વ્યાપક તક રહેલી છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્ર ખુબ શાનદાર છે. કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે કામ કરીને મોટી સફળતા હાંસલ કરી શકે છે. કોમર્સના વિદ્યાર્થીઓ સામાન્ય રીતે કારોબાર સાથે જોડાયેલા ક્ષેત્રમાં આગળ વધે છે. જેથી આ ક્ષેત્ર પણ તેમના માટે યાદગાર અને આકર્ષક બની શકે છે.

સ્ટોક અને અન્ય સિક્યુરિટીજને ખરીદવા અને વેચવાની પ્રોસેસને સ્ટોક બ્રોકિંગકહેવામાં આવે છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ઈન્ડિયન બ્રોકિંગ ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ રેટ પાંચથી ૧૦ ટકા સુધી રહ્યો હતો. ભારતમાં સ્ટોક બ્રોકિંગના ફિલ્ડમાં ઉમેદવારોના ભાવિ આશાસ્પદ છે. કેટલાક વર્ષોના કામના અનુભવના આધાર પર આ ક્ષેત્રે પ્રોફેશનલો સારા પગાર મેળવી શકે છે. સારા પગાર પેકેજના કારણે કેરિયર પણ શાનદાર રહી શકે છે. સ્ટોક બ્રોકર કોણ છે તેવો પ્રશ્ન સીધી રીતે થાય તે સ્વાભાવિક છે. આના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે સ્ટોક બ્રોકર શેર માર્કેટમાં પોતાના ક્લાઈન્ટની લેવડદેવડને નિહાળે છે.કોઈ પણ સ્ટોક બ્રોકર સ્ટોક એક્સચેંજ અને રોકાણકાર વચ્ચે એક કડી તરીકે કામ કરે છે. બ્રોકર વગર કોઈ પણ રોકાણકારો તેમના સોદા શેર બજારમાં મુકી શકે તેમ નથી. શેર માર્કેટમાં એન્ટ્રી કરવા માટે ઈચ્છુક લોકોને સૌથી પહેલા ડીમેટ ખાતા અને ટ્રેડિંગ એકાઉન્ટની જરૂર પડે છે. સ્ટોક બ્રોકર તરીકે પોતાના કેરિયરને બનાવવા માટે ઉમેદવારને કોમ્પ્યુટરની પ્રાથમિક માહિતી તો હોવી જ જોઈએ. સાથે સાથે બિઝનેસ કોમ્યુનિકેશન ખુબ શાનદાર રહે તે જરૂરી છે. સાથે સાથે શેરબજારમાં કામ અંગે માહિતી હોવી જોઈએ. વિદ્યાર્થીને ક્લાઈન્ટ્સની સાથે વાતચીત કરવા અને કંપનીઓના શેર સ્ટોક ખરીદવા માટેની માહિતી હોવી જોઈએ. આના માટે વિદ્યાર્થીઓ ખાસ ટ્રેનિગં મેળવી શકે છે. જેટલી માહિતી શેરબજારમાં વધારે રહેશે તે તેની કેરિયરમાં એટલી જ મોટી સફળતા હાંસલ કરી શકે છે. લાયકાતન વાત કરવામાં આવે તો ગ્રેજુએશનની ડિગ્રી જરૂરી રહે છે. ગ્રેજુએશનના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ પીજી ડિપ્લોમા ઈન બેકિંગ એન્ડ ફાયનાન્સ કોર્સ માટે અરજી કરી શકે છે. તે આ રીતે સ્ટોક બ્રોકર બનવાની દિશામાં આગેકુચ કરી શકે છે. વિદ્યાર્થીઓને માર્કેટિંગ, બિઝનેસ એકાઉન્ટિગ અને ફાયનાન્સ જેવા ક્ષેત્રોમાં ખાસ ધ્યાન રહે તે જરૂરી છે. સાથે સાથે યોગ્ય લાયક ઉમેદવારમાં તરત જ સાહસી નિર્ણય કરવાની કુશળતા પણ હોવી જોઈએ. સ્ટોક બ્રોકર તરીકે તમે પોતાના ફાયનાન્સિયલ એડવાઈજર, બેંક બ્રોકર, સ્વતંત્ર બ્રોકર, ઈન્વેસ્ટમેન્ટ બ્રોકર, ઈક્વિટી એનાલીસીસ તરીકે કામ કરી શકે છે. જો તમે ઈચ્છો તો ઈન્વેસ્ટમેન્ટ બેંક્સ પેન્શન ફંડ, બ્રોકિંગ ફર્મ, મ્યુચ્યુઅલ ફંડ્સ, રિસર્ચ સેન્ટરમાં સારા હોદ્દા પર કામ કરી શકો છો. યાદ રાખવા માટેની બાબત એ છે કે સૌથી પહેલા તો આ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે કે સ્ટોક માર્કેટ કઈ રીતે કામ કરે છે. ત્યારબાદ માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ નોંધણી કરાવવાની જરૂર હોય છે. આપની અંદર માર્કેટમાં આવતા ઉતારચઢાવને સમજી લેવાની ક્ષમતા હોવી જોઈએ. શેરબજારમાં કેટલાક જોખમ હોય છે. તેમાં જોખમી પરિબળો પણ હોય છે. શેરબજારમાં ઝડપથી નાણાં આવે છે. સાથે સાથે આડેધડ જોખમ લેવાની સ્થિતીમાં ભારે નુકસાન પણ થઈ શકે છે.

શેરબજારમાં હાલના સમયમાં લોકો વધુને વધુ એન્ટ્રી કરી રહ્યા છે. આવી સ્થિતીમાં પ્રાથમિક માહિતી મેળવી લીધા બાદ જ આ ક્ષેત્રમાં પ્રવેશ કરી શકાય છે. સ્ટોક બ્રોકિંગના ક્ષેત્રમાં જંગી નાણાં રહેલા છે. સાથે સાથે તેમાં ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા પણ રહે તે જરૂરી છે.



# જાતિ અને પંથના આધાર પર થનારા ભેદભાવને ખતમ કરવા માટે પણ જરૂરી છે કે દેશને અલ્પસંખ્યક વિરૂદ્ધ બહુસંખ્યકની ધારણાથી મુક્ત કરવામાં આવે

હાલમાં જ કેન્દ્ર સરકારે ધર્માંતરિત થયેલા દલિત ઈસાઈઓ અને મુસલમાનોને અનામતનો લાભ નહિ આપવાના પક્ષમાં જે દલીલો સુપ્રીમ કોર્ટમાં રજૂ કરી તેની સાથે અસહમત ન થઈ શકાય. દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપીને અનામત એટલા માટે આપવામાં આવી હતી, કારણ કે તેઓ હિંદુ સમાજમાં વ્યાપ્ત જાતિ પ્રથાને કારણે ભેદભાવનો સામનો કરી રહ્યા હતા. અનામત આપવાનો ઉદ્દેશ્ય તેમને સમાજની મુખ્યધારામાં લાવવાનો હતો. આ સુવિધા એવા દલિતોને નહોતી આપવામાં આવી, જેઓ ધર્માંતરણ કરને ઈસાઈ કે મુસ્લિમ બની ગયા, કારણ કે એ બંને સમુદાયો એમ કહે છે કે તેમને ત્યાં કોઈ પ્રકારનો જાતિવાદ નથી કે જાતિભેદ નથી. સામાન્ય રીતે દલિતોને એવી લાલચ આપીને ધર્માંતરિત કરવામાં આવે છે કે તેમને જાતિવાદથી છૂટકારો મળી જશે. જો દલિતોને ખબર હોય કે મુસ્લિમ કે ઈસાઈ બન્યા પછી પણ તેમની સાથે ભેદભાવ થશે તો તેઓ ક્યારેય ધર્માંતરિત ન થાય. દલિત મુસ્લિમ અને દલિત ઈસાઈઓનાં સંગઠન ખુદને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની માંગ એટલા માટે કરી રહ્યા છે, જેથી બેવડા લાભ ઉઠાવી શકે - એક અનુસૂચિત જાતિનો અને બીજો અલ્પસંખ્યક દરજ્જાનો. જો ધર્માંતરિત થઈને મુસ્લિમ અને ઈસાઈ બનેલા દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો અને પછી અનામતનો લાભ આપવામાં આવ્યો તો છળકપટથી અને દગાથી તેમના ધર્માંતરણનું અભિયાન વધુ જોર પકડશે. ભારતમાં ધર્માંતરણ રાષ્ટ્રની આત્મિક ચેતનાને કમજોર કરે છે, તેથી તેને કોઈપણ સ્થિતિમાં



હતોત્સાહિત કરવું પડશે. એનો ઈનકાર નહીં કે હિંદુ સમાજનો દલિત કહેવાતો વર્ગ ભેદભાવનો શિકાર રહ્યો હતો. આઝાદી સમયે એ માનવામાં આવ્યું હતું કે આ વર્ગને અનામત આપીને તેને જાતિભેદથી મુક્ત કરાવી લેવામાં આવશે. શરૂઆતમાં તો સફળતા ન મળી, પરંતુ થોડા દાયકા બાદ તેની અસર દેખાવા લાગી અને આજે કહી શકાય કે અનામત વર્ગ પહેલાં કરતાં ઘણો સક્ષમ બની ગયો છે, પરંતુ આપણા નેતા હજુ પણ આ ભાવનાને જીવિત રાખવા માંગે છે કે હિંદુ સમાજ હજુ પણ જાતિઓમાં વહેંચાયેલો છે અને એ જ આધાર પર સદીઓ પહેલાં થતો હતો એવો ભેદભાવ થઈ રહ્યો છે. આ જ આધાર પર તો તે અનામતની માંગ કરતા રહે છે.

ગત દિવસોમાં ઝારખંડમાં ૧૯૩૨ના ડોમિસાઈલના આધારે અનામતની સીમા વધારી દેવામાં આવી. ઝારખંડમાં અનામત હવે ૭૫ ટકાથી પણ વધી ગઈ છે. આ અનામતની ૫૦ ટકાની સીમાને પાર કરી ગયું છે. એવી જ સ્થિતિ કેટલાક અન્ય રાજ્યોમાં પણ છે. શિક્ષણ સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત તો વધી રહી છે, પરંતુ નોકરશાહીની કાર્યકુશળતા વધતી નથી. અકુશળ નોકરશાહી રાષ્ટ્ર પર એક બોજ છે. રાજકીય હથિયાર બનેલી અનામત એક રીતે આર્થિક બોજ પણ છે. અનામતના દાયરામાં આવનારી આબાદી ૫૦ ટકાથી વધારે છે, પરંતુ કોઈપણ સરકાર હોય, તે વધતી આબાદીના અનુપાતમાં નોકરીઓનું સર્જન નથી કરી શકતી. એ જ કારણ છે કે અનામતના દાયરામાં આવનારા ઓછા લોકોને જ સરકારી નોકરીઓ મળી શકે છે. જોકે અનામત દ્વારા નોકરી નહિ મેળવનારા પણ પોતાના પગ પર ઊભા થઈને દેશના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે, તેથી સરકારોએ તેમની તરફ પણ જોવું જોઈએ.

એ એક તથ્ય છે કે ગરીબી માત્ર અનામતના દાયરામાં આવનાર વર્ગોમાં જ નહીં, બલ્કે અન્ય વર્ગોમાં પણ વ્યાપ્ત છે. એને જ ધ્યાનમાં રાખતાં ૨૦૧૯માં બંધારણ સંશોધન દ્વારા ૧૦ ટકા આર્થિક અનામતની જોગવાઈ લાવવામાં આવી. આ આર્થિક રૂપે કમજોર વર્ગોને આપવામાં આવે છે. ગત દિવસોમાં સુપ્રીમ કોર્ટે બહુમતિથી આપેલા પોતાના ચુકાદામાં આર્થિક અનામતને યોગ્ય ઠેરવતાં કહ્યું કે તેનાથી અનામતની ૫૦ ટકા સીમાનું ઉલ્લંઘન નથી થતું. તેનાથી સરકારને રાહત મળી છે, પરંતુ જો ગરીબીને દૂર કરવા હોય તો ગરીબોને અનામતની સાથે જ તેમના માટે અન્ય યોજનાઓ પણ ચલાવવી પડશે, જેનાથી તેઓ સક્ષમ બનીને દેશના વિકાસમાં ભાગીદાર બને. આર્થિક અનામતને યોગ્ય ઠેરવતાં સુપ્રીમ કોર્ટનાં જજ બેલા ત્રિવેદીએ અનામતની સમીક્ષાની પણ વાત કહી. આ પ્રકારની વાત પહેલાં પણ ઉઠતી રહી છે, પરંતુ અનામતના નફા-નુકસાન પર ખુલીને ચર્ચા નથી થઈ રહી. કમ સે કમ હવે તો અનામત પર નીર-ક્ષીર રીતે ચર્ચા થવી જોઈએ, જેથી તમામ વંચિત-પછાત વર્ગો મુખ્યધારામાં સામેલ થઈને દેશની પ્રગતિમાં યોગદાન આપી શકે.

આર્થિક અનામત પર સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આર્થિક અનામતની વિસંગતિઓની ચર્ચા તો થઈ રહી છે, પરંતુ એવી ચર્ચા જાતિગત અનામતને લઈને પણ થવી જોઈએ, કારણ કે એ એક તથ્ય છે કે હાલમાં એવી કોઈ ઠોસ વ્યવસ્થા નથી બની શકી, જેનાથી તમામ લાયક લોકોને જ અનામત મળે તેવું કરી શકાય. આ ઠોસ વ્યવસ્થા કેવી રીતે બને, એના પર નવેસરથી વિચાર થવો જોઈએ. એ જ રીતે એના પર પણ ચર્ચા થવી જોઈએ કે જ્યારે સરકારી નોકરીઓ ઘટતી જાય છે, ત્યારે અનામત વધારવાની માંગ કરતા રહેવું કેટલું લાભપ્રદ છે? એ પણ કોઈથી છૂપું નથી કે સરકારી શિક્ષણ સંસ્થા પણ અપૂરતી છે. આ સંસ્થાઓમાં અનામત વર્ગના તમામ છાત્રોને ઈચ્છવા છતાં પણ પ્રવેશ નથી આપવામાં આવતો. જો જાતિ અને ગરીબીને કારણે કોઈ પ્રકારનો ભેદભાવ થાય છે તો તેને દૂર કરવાના પ્રભાવી ઉપાયો પર પણ વિચાર કરવો જોઈએ, કારણકે અનામત છતાં આ સમસ્યાનું સંપૂર્ણ સમાધાન નથી કરી શકાયું. વાસ્તવમાં એક એવો સમાજ બનાવવાની દિશામાં આગળ વધવું જોઈએ.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## અપારશક્તિ રોજ પોતાના મોટા ભાઈને પગે લાગે છે

# ‘આયુષ્યમાન મારી સાથે સ્ટાર જેવું વર્તન કરે તો અમે ‘રામ-લક્ષ્મણ’ નહીં રહીએ’



એક્ટર અને સિંગર ભાઈઓ આયુષ્માન ખુરાના અને અપારશક્તિ ખુરાના વચ્ચે એટલો મિત્રતાભર્યો અને રામ-લક્ષ્મણ જેવો છે, તે દરેક જાણે છે. ચંદીગઢમાં જન્મેલા અને ઉછરેલા આ બંને ભાઈઓ એક સરખી કેરિઅર પસંદ કરી છે. જોકે, આયુષ્માન લીડ એક્ટર તરીકે વૈવિધ્યસભર રોલ કરી ચૂક્યો છે, જ્યારે અપારશક્તિ હજુ પણ સપોર્ટિંગ રોલમાં જોવા મળે છે, છતાં પોતાના અભિનય દ્વારા તે તેને યાદગાર બનાવતો રહે છે. પોતાનાથી વધુ સફળ ભાઈ વિશે તાજેતરમાં અપારશક્તિએ એક ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે જે દિવસે આયુષ્યમાન તેની સાથે એક મોટા સ્ટાર જેવું વર્તન કરશે તે દિવસે તેમનો સંબંધ તૂટી જશે. અપારશક્તિને આ ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે બંને ભાઈ વચ્ચેની સરખામણીના કારણે તેમના સંબંધમાં કોઈ ફરક આવે છે, ત્યારે અપારશક્તિએ કહ્યું, “ક્યારેય નહીં, ૨૦૦ ટકા નહીં. મેં પોતે ક્યારેય આવી સરખામણી જોઈ જ નથી. અમે બંને દરરોજ સાંજે સાથે જમીએ છીએ, ત્યારે તમે અમને જુઓ તો આ પ્રશ્ન તમે પુછી જ નહીં શકો. અમે બંને એક જ બિલ્ડીંગમાં રહીએ છીએ અને દરરોજ રાત્રે સાથે જમીએ છીએ. લોકો કહે એમાં અમારા સંબંધને કોઈ ફેર નથી પડતો, જ્યારે મારો ભાઈ મને અહેસાસ કરાવશે કે એ કોઈ મોટો સ્ટાર છે, ત્યારે અમારો સંબંધ પૂરો થઈ જશે.”

# બોલિવૂડ ડાયરેક્ટરના પુત્ર અગ્નિ ચોપરાનું નસીબ ચમકશે!

## મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે



બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર વિધુ વિનોદ ચોપરાનો દીકરો અગ્નિ ચોપરા હાલમાં રણજી ટ્રોફીમાં રનનો ઢગલો કરી રહ્યો છે. અગ્નિ ચોપરા શાનદાર બેટિંગ કરી રહ્યો છે.અગ્નિ ચોપરાના પિતા વિધુ વિનોદ ચોપરા બોલિવુડના દિગ્ગજ ડાયરેક્ટર છે. તેમણે ૩ ઈડિયટ્સ ફિલ્મ બનાવી છે. હવે તેનો દિકરો અગ્નિ ક્રિકેટમાં ધમાલ મચાવવા તૈયાર છે.રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫માં મિઝોરમ તરફથી રમતા અગ્નિ ચોપરાએ અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ રમાયેલી ૨ ઈનિંગ્સમાં સદી ફટકારી છે. તેમણે પહેલી ઈનિંગ્સમાં ૧૧૦ અને બીજી ઈનિંગ્સમાં ૨૩૮ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી.આ પહેલા અગ્નિ ચોપરાએ સિક્કમ વિરુદ્ધ ૫૧ અને ૨૯ રન બનાવ્યા હતા. અરુણાચલ પ્રદેશ વિરુદ્ધ તેમણે બેવડી સદી ફટકાર્યા બાદ આઈપીએલ ઓક્શનમાં પણ પોતાની દાવેદારી મજબુત કરી લીધી છે. જેમાં ૩ ફ્રેન્ચાઈઝીએ તેમને આઈપીએલ ૨૦૨૪ ઓક્શનમાં ખરીદી શકે છે.મુંબઈ ઈન્ડિયન્સ અગ્નિ ચોપરાને લઈ શકે છે. કારણ કે, અગ્નિએ મુંબઈ માટે જૂનિયર ક્રિકેટ રમ્યો છે.આ સિવાય આરસીબી અને પંજાબ પણ બોલી લગાવી શકે છે.અગ્નિએ ગત્ત સીઝનમાં મેઘાલય વિરુદ્ધ સદી ફટકારી હતી. તેમણે ૧૦૫ રન બનાવ્યા હતા. અત્યારસુધી રમાયેલી ૮ ફર્સ્ટ ક્લાસ મેચોમાં તેણે ૯૧.૧૩ની એવરેજથી ૧૩૬૭ રન બનાવ્યા છે. તેણે ૭ લિસ્ટ છ મેચમાં ૧૭૪ રન બનાવ્યા છે. આ ખેલાડીએ-૨૦ મેચમાં ૨૩૪ રન બનાવ્યા છે.

# આમિર અને સૂરિયા ‘ગજની ૨’ માટે એક જ સમયે શૂટ કરશે

## તાજેતરના અહેવાલો મુજબ, બંને આ ફિલ્મના બીજા ભાગ માટે પણ સહમત થઈ ગયા છે અને બંને ફિલ્મોનું શૂટ એક જ સમયે થશે



આમિર ખાન અને સૂરિયા બંને પોતાની ‘ગજની’ ફ્રેન્ચાઈઝીની ફિલ્મો સાથે પાછા ફરી રહ્યાં છે. તાજેતરના અહેવાલો મુજબ, બંને આ ફિલ્મના બીજા ભાગ માટે પણ સહમત થઈ ગયા છે અને બંને ફિલ્મોનું શૂટ એક જ સમયે થશે. તેમજ તમિલ અને હિન્દી બંને ફિલ્મો એક જ સાથે એક જ દિવસે રિલીઝ થશે. બંનેમાંથી એક પણ એક્ટરની ઈચ્છા તેમની યાદગાર ફિલ્મની રીમેક બને તેવી નહોતી, તેથી હવે બંને ફિલ્મના પ્રોડ્યુસર ફિલ્મનો બીજો ભાગ બનાવવા સહમત થયા છે. થોડાં વખતમાં સૂરિયાની ફિલ્મ ‘કંગુવા’ આવી રહી છે, તેના પ્રમોશન વખતના એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું હતું કે ફિલ્મ પ્રોડ્યુસર અલ્લુ અરવિંદે તેનો સંપર્ક કર્યો હતો અને ફ્રેન્ચાઈઝીનો આઈડિયા જણાવ્યો હતો, જે સૂરિયાને ગમ્યો છે. તેણે કહ્યું, “તમે મને હાલ પૂછો તો મારા માટે ‘ગજની ૨’ સરપ્રાઈઝ જેવી હતી. ઘણા લાંબા સમય પછી અલ્લુ અરવિંદ મારી પાસે આવ્યા અને મને પૂછ્યુ કે એવું શક્ય છે કે નહીં. મેં કહ્યું, આપણે બિલકુલ વિચારી શકીએ. હા, ચર્ચાઓ ચાલી રહી છે, આશા છે કે ‘ગજની ૨’ બનશે.”કેટલાંક સૂત્રો દ્વારા એવા પણ અહેવાલો મળ્યા હતાં કે અલ્લુ અરવિંદ આ જ ફિલ્મના હિન્દી વર્ઝન માટે આમિર સાથે પણ ચર્ચા કરી રહ્યા છે. સૂત્રના જણાવ્યા અનુસાર,“સૂરિયા અને આમિર બંનેને ગજની ૨નો વિચાર ગમ્યો છે. પરંતુ તેમની ફિલ્મ પર રીમેકનું ટૅગ લાગે એવું ઈચ્છતા નથી.

# રણવીર- દીપિકાએ પોતાની જ બિલ્ડિંગમાં બીજો ફ્લેટ ભાડે લીધો



દીપિકા પદુકોણ અને રણવીર સિંહ મુંબઈમાં પ્રભાદેવી પાસે જે બિલ્ડિંગમાં માલિકીનો ફ્લેટ ધરાવે છે તે જ બિલ્ડિંગમાં તેમણે મહિને સાત લાખ રુપિયાના ભાડે બીજો ફ્લેટ લીધો છે. ભાડે લીધેલો ફ્લેટ ૨૩૧૯ ચોરસ ફૂટનો છે. તે ૨૪મા માળે આવેલો છે. આ ફ્લેટ સાથે તેમને ત્રણ કાર પાર્કિંગ પણ મળશે. દીપિકાઅને રણવીરે આ ફ્લેટ માટે ૩ વરસનું એગ્રીમેન્ટ કર્યું છે. જેના માટે તેમણે રૂપિયા ૨૧ લાખ ડિપોઝિટ પેઠે આપ્યા છે. ૧૩ નવેમ્બરના રોજ થયેલા એગ્રીમેન્ટ પ્રમાણે પહેલા ૧૮ મહિના માટે આ ફ્લેટનું ભાડું રુપિયા સાત લાખ રહેશે. આ પછીના ૧૮ મહિના માટે ૭.૩૫ લાખ રૂપિયા ભાડા પેટે આપવા પડશે. દીપિકા અને રણવીર બાંદરામાં તેમનું ડ્રીમ હોમ ૧૦૦ કરોડના ખર્ચે સજાવી રહ્યાં છે. આ ઉપરાંત મુંબઈ નજીકનાં અલીબાગ સહિતનાં સ્થળે પણ તેમની પ્રોપર્ટી છે. મુંબઈના પ્રભાદેવીની બિલ્ડિંગમાં એક ફ્લેટ ખરીદેલો છે, બીજા માટે મહિને સાત લાખ ભાડું આપશે.

# આલિયાનો અનુભવ બોલ્યો પ્રમોશનથી ફિલ્મ હિટ ન થાય

## ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચમકતા સિતારાઓની યાદીમાં આલિયા ભટ્ટ મોખરે છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચમકતા સિતારાઓની યાદીમાં આલિયા ભટ્ટ મોખરે છે. આલિયાએ સંખ્યાબંધ હિટ ફિલ્મો આપેલી છે અને તેથી જ આલિયાની હાજરી માત્રથી ફિલ્મની સફળતા સુનિશ્ચિત થતી હોવાનું ઘણાં ફિલ્મમેકર્સ માને છે. ફિલ્મની સફળતામાં લીડ સ્ટાર્સ જેટલું જ મહત્ત્વ પ્રમોશન સ્ટ્રેટેજીનું છે. દમદાર પીઆર અને પ્રમોશનના જોરથી નબળી ફિલ્મો પણ હિટ બનતી હોવાની માન્યતા છે. જો કે આલિયાનો વાસ્તવિક અનુભવ અલગ છે. આલિયાનું છે કે, ફિલ્મની સફળતાનું શ્રેય પ્રમોશનને આપી શકાય નહીં. કોઈ ફિલ્મ સફળ રહે તો તેનું કારણ એ ફિલ્મ પોતે જ છે. પ્રભાવશાળી પ્રમોશન કરવાથી કોઈ પણ નબળી ફિલ્મને બચાવી શકાતી નથી. ફિલ્મની રિલીઝ પૂર્વે લીડ સ્ટાર્સ વચ્ચે અફેરની અફવા શરૂ કરાવવાનું કે ઝઘડાની વાતો વહેતી કરવાનું ચલણ અગાઉના જમાનામાં હતું. આ પ્રકારના ગતકડાંથી ફિલ્મને ચર્ચામાં રાખવામાં અને ઓડિયન્સમાં ઉત્સુકતા ઊભી કરવામાં સફળતા મળતી હોવાની છાપ હતી. બદલાયેલા સમયમાં ઓડિયન્સ સ્માર્ટ થઈ ગયું છે. વળી, સોશિયલ મીડિયાના કારણે પોતાના ફેવરિટ સ્ટાર્સ સાથેની તેમની નિકટતા પણ વધી છે. સ્ટાર્સના વર્કઆઉટ, ડાયેટથી માંડીને રોજિંદા જીવનની અપડેટ્સ પણ ફોલોઅર્સ પાસે રહેતી હોય છે. આ સ્થિતિમાં મોટી અને ખોટી ચર્ચાઓ ઊભી કરવી પબ્લિસિટી મેળવવાનું અઘરું બન્યું છે. આલિયા ભટ્ટ માને છે કે, નવા જમાનામાં જૂની ઢબની પ્રમોશનલ સ્ટ્રેટેજી બિનઅસરકારક છે. ફિલ્મને હિટ બનાવવા માટે કન્ટેન્ટ દમદાર હોવું જોઈએ.



# પીએમ મોદીની અપીલ બાદ ધ સાબરમતી રિપોર્ટની કમાણીમાં જંગી ઉછાળો

વિક્રાંત મેસીની ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ ૧૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જો કે આ ફિલ્મ રીલીઝ પહેલાથી જ ચર્ચાઓમાં ચાલી રહી છે. રિલીઝ થયા પછી ભલે ફિલ્મને શાનદાર ઓપનિંગ ન મળી હોય, પરંતુ ફિલ્મને ખૂબ જ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ બોક્સ ઓફિસ પર ધીમે ધીમે પરંતુ સતત કમાણી કરી રહી છે.ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ધ સાબરમતી રિપોર્ટનું ઓપનિંગ ડે કલેક્શન ૧ કરોડ ૨૫ લાખ રૂપિયા હતું. પહેલા જ રવિવારે ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૩ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું હતું. પ્રથમ અઠવાડિયું પૂરું થતાં સુધીમાં ફિલ્મે ૧૧ કરોડ ૫૦ લાખ રૂપિયાની કમાણી કરી લીધી હતી. આ વીકેન્ડમાં પણ ફિલ્મની કમાણીમાં જોરદાર ગ્રોથ જોવા મળ્યો છે. શુક્રવારે ૧ કરોડ ૪૦ લાખ રૂપિયાની કમાણી કર્યા પછી, શનિવારે તેણે લગભગ ૮૬ ટકાનો બિઝનેસ ગ્રોથ બતાવ્યો છે. અહેવાલો અનુસાર, ફિલ્મનું શનિવારે કલેક્શન ૨ કરોડ ૬૦ લાખ રૂપિયા રહ્યું છે.વિક્રાંત મેસી અને રાશિ ખન્ના અભિનીત ગોધરા કાંડ પર આધારિત, આ ફિલ્મ સત્ય હકીકતની આસપાસ વણાયેલી છે અને દર્શકોને એક રોમાંચક પ્રવાસ પર લઈ જાય છે જેમાં ડ્રામા, થ્રિલર અને ઘણી બધી લાગણીઓ છે.




# ‘કંગુવા’ ઈફેક્ટઃ સુરિયાની આગામી ફિલ્મ ‘કર્ણ’ અટકી

તમિલ સુપરસ્ટાર સુરિયાની ‘કંગુવા’નો બોક્સઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પરંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી ‘કંગુવા’ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે ‘કર્ણ’નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની ‘કંગુવા’ પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ ‘કર્ણ’ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ ‘કર્ણ’ બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફ્લોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને ‘કંગુવા’ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે ‘કર્ણ’માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો. પ્રભાસ, અલ્લુ અર્જુન અને યશની જેમ પાન ઈન્ડિયા ફિલ્મ્સમાં સુરિયા પણ ડંકો વગાડશે તેવી બોલિવૂડના પ્રોડ્યુસર્સને આશા હતી. જો કે ઓડિયન્સે સુરિયાને ઝાકારો આપી દીધો છે. મહાભારતના યાદગાર પાત્રોને મહારથી કર્ણની દૃષ્ટિએ રજૂ કરવાના ઈરાદાથી આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. નોર્થ ઈન્ડિયામાં આ ફિલ્મ સફળ જવાની અપેક્ષા પ્રોડ્યુસર્સને હતી.




# કરીના કપૂર પછી હવે હુમા કુરેશી ડિટેક્ટિવ રોલમાં જોવા મળશે

## હુમા કુરેશી પહેલી વખત પોલિસ ઓફિસરના રોલમાં

હુમા કુરેશી તેની આગામી ફિલ્મ ‘બયાન’માં એક પોલિસ ડ્રામા ફિલ્મમાં એક ડિટેક્ટિવના રોલમાં જોવા મળશે અને તેના માટે તે ઘણી ઉત્સાહીત પણ છે. તેની આ ફિલ્મ બુસાનના એશિયન પ્રોજેક્ટ માર્કેટમાં પણ મોકલવામાં આવશે.બિકાસ રંજન મિશ્રાએ ડિરેક્ટ કરેલી ‘બયાન’ એક એવી મહિલા ડિટેક્ટિવ પર આધારિત ફિલ્મ છે, જે એક લીડ ઈન્વેસ્ટિગેટર તરીતે રાજસ્થાનના નાના ગામમાં પોતાના પહેલા કેસની તપાસ કરવા માટે જાય છે. જ્યાં તેના વિરોધીનો સ્થાનિક ક્ષેત્રે સમાજિક રીતે અને વહીવટીતંત્રમાં બહુ પ્રભાવ હોવાથી તેને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. સાથે તેને પોતાના સસરાની છબિને પણ જાળવી રાખવાના હોય છે. બિકાસ રંજન મિશ્રાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ ગ્રામ્ય વિસ્તારોના મૂળમાં રહેલી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા અને તેના કારણે મહિલાઓ માટે રચાતા એક દબાણ અને સંકુચિત માહોલ પર પ્રકાશ પાડે છે. તેમણે જણાવ્યું કે તેમનો આ ફિલ્મ બનાવવા પાછળનો હેતુ કોઈ સલાહ-સૂચન કરવાનો નથી પણ આ પ્રકારના માહોલની લોકોના જીવન પર થતી અસર અને તેને દ્વારા લોકોને એ અનુભવ કરાવવાનો છે કે આ માહોલથી ખરેખર કઈ હદ સુધીના પરિણામો આવી શકે છે.હુમા કુરેશી પહેલી વખત એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. તેથી તે આ ફિલ્મ માટે ઘણી ઉત્સાહિત છે. તેણે જણાવ્યું,“હું એવી ફિલ્મ પસંદ કરું છું જેની વાર્તા સાથે હું મારી જાતને જોડી શકું. હું હંમેશા અલગ અલગ પ્રકારની ફિલ્મો કરવાનો પ્રયત્ન કરું છું. જો તેમાં મને એક કલાકાર તરીકે કોઈ નવો પ્રયોગ કરવા મળતો હોય તો મને એનો ભાગ બનવું ગમે છે. મને જ્યારે ‘બયાન’ ઓફર થઈ ત્યારે હું એની વાર્તા, પાત્ર, ફિલ્મનો હેતુ અને આ વાર્તા લોકો સમક્ષ લાવવાનું પેશન મને બહુ ગમ્યું.”



### ૧૫ ડિસેમ્બર પછી ઠંડી વધશે

# ડિસેમ્બરમાં પણ મોટાભાગના રાજ્યોમાં તાપમાન સામાન્ય કરતા ૩-૫ ડિગ્રીથી સેલ્સિયસ વધુ

## આગામી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ અને પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની કોઈ શક્યતા નથી

। નવીદિલ્હી, તા.૪ ।

ડિસેમ્બર મહિનો શરૂ થયો હોવા છતાં દેશના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળી રહ્યો નથી. મોટાભાગના રાજ્યોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. સામાન્ય રીતે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં તાપમાન ૨૪ થી ૨૬ ડિગ્રીની આસપાસ રહે છે. આ વખતે ૭ ડિસેમ્બર સુધી તાપમાન ૨૬ ડિગ્રીથી નીચે જાય તેવી શક્યતા નથી. તે ૨૬ અથવા ૨૭ ડિગ્રી પર રહેવાની ધારણા છે. ૨૦૧૧ થી અત્યાર સુધી, ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં આવી હવામાનની પેટર્ન જોવા મળી નથી. આ વખતે ડિસેમ્બરનું પહેલું અઠવાડિયું છેલ્લા દાયકામાં સૌથી ગરમ હોઈ શકે છે. ૧૨ થી ૧૫ ડિસેમ્બર પછી જ ઠંડીનું જોર વધવાની શક્યતા છે. ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરમાં વરસાદ ઠંડીને વધારવા માટે જરૂરી છે, પરંતુ તે સંપૂર્ણપણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પર આધારિત છે. આ વખતે નબળા પશ્ચિમી વિક્ષેપ ઉત્તર ભારતને અસર કરી શકશે નહીં. એટલે શિયાળાનું આગમન મોડું થયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળ, બિહાર, પંજાબ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા અને દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશના વિવિધ ભાગોમાં ગંગાના તટવર્તી વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધારે છે, એટલે કે સામાન્ય કરતાં ઘણું વધારે છે. .હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પશ્ચિમ મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાન ૫ થી ૩ ડિગ્રી સેલ્સિયસ એટલે કે સામાન્ય કરતા ઘણું ઓછું છે. એ જ રીતે પૂર્વ ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારો, આસામ અને મેઘાલયના વિવિધ ભાગો, સૌરાષ્ટ્ર, કચ્છ, કોંકણ અને ગોવામાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧ થી ૩ ડિગ્રી સેલ્સિયસ ઓછું રહે છે.

### હરમંદિર સાહેબ પર હુમલો કરનાર આરોપીની ધરપકડ

# શિરોમણી અકાલી દળના વડા સુખબીર બાદલ પર ઘાતક હુમલો । સુવર્ણ મંદિરના ગેટ ઉપર ફાયરિંગ

## સુખબીર સિંહ બાદલ ઘંટાઘર તરફના હરમંદિર સાહિબના ગેટ પાસે હાજર હતા । આ દરમિયાન એક વ્યક્તિએ આવીને પોતાની પોકેટ પિસ્તોલમાંથી ગોળી કાઢી જે સુખબીર બાદલ પાસેથી પસાર થઈ અને દિવાલ સાથે અથડાઈ

। અમૃતસર, તા.૪ ।



પંજાબના અમૃતસરમાં શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર બાદલ પર હુમલો થયો છે. તેને ગોલ્ડન ટેમ્પલમાં ગોળી વાગી છે, જોકે તે સુરક્ષિત છે. તેઓ અકાલ તખ્ત સાહિબ દ્વારા આપવામાં આવેલી ધાર્મિક સજામાંથી પસાર થવા માટે હરમંદિર સાહિબ પહોંચ્યા હતા.પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી મુજબ બુધવારે સવારે લગભગ ૯:૩૦ વાગ્યે સુખબીર સિંહ બાદલ ઘંટાઘર તરફના હરમંદિર સાહિબના ગેટ પાસે હાજર હતા. આ દરમિયાન એક વ્યક્તિએ આવીને પોતાની પોકેટ પિસ્તોલમાંથી ગોળી કાઢી જે સુખબીર બાદલ પાસેથી પસાર થઈ અને દિવાલ સાથે અથડાઈ. આ પછી તરત જ સુરક્ષાકર્મીઓએ સુખબીર સિંહ બાદલને ઘેરી લીધો અને આરોપીને પણ પકડી લીધો. હાલ આરોપીને પોલીસને હવાલે કરી દેવામાં આવ્યો છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. ગેટની બીજી બાજુ સુખદેવ સિંહ ધીંડસા પણ તૈનાત હતા. દરબાર સાહેબમાં ગોળીનો અવાજ આવતાં મંડળમાં ભયનો માહોલ સર્જાયો હતો.મળતી માહિતી મુજબ, આરોપીની ઓળખ નારાયણ સિંહ જોરા તરીકે થઈ છે. આરોપી ડેરા બાબા નાનકનો છે અને તે દલ ખાલસા સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. ફાયરિંગ પછી સુખબીર બાદલની આસપાસ ઉભેલા લોકોએ તરત જ તેને પકડી લીધો અને હાથ ઊંચા કરી દીધા. આ ઘટના મુખ્ય ગેટની સામે બની હતી. તમને જણાવી દઈએ કે સુખબીર બાદલના પગમાં ફ્રેક્ચર છે, તેથી તેઓ ખુરશી પર બેસીને સેવા આપી રહ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપી મંગળવારે પણ શ્રી હરમંદિર સાહિબમાં ફરતો જોવા મળ્યો હતો. ઈન્ટેલિજન્સ ઈનપુટ મળ્યા બાદ પોલીસ પણ સતર્ક થઈ ગઈ હતી અને તેના પર નજર રાખી રહી હતી. અકાલી નેતાઓએ આરોપ લગાવ્યો કે પોલીસ સુખબીર બાદલની સુરક્ષામાં બેદરકારી દાખવી રહી છે.દરમિયાન એડીસીપી હરપાલ સિંહે કહ્યું કે, સુરક્ષાની મજબૂત વ્યવસ્થા કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ



### પ્રિયદર્શને વર્ષ ૨૦૦૬માં 'ભાગમ ભાગ' ફિલ્મ બનાવી હતી,

### ભાગમ ભાગ ૨ ગોવિંદા પ્રિયદર્શન અક્ષય કુમારની ફિલ્મનો ભાગ નહીં હોય

। મુંબઇ, તા.૪ ।

પ્રિયદર્શને વર્ષ ૨૦૦૬માં 'ભાગમ ભાગ' ફિલ્મ બનાવી હતી, જેમાં હાસ્યના શાનદાર સંકલનથી દર્શકોના દિલ જીતી લીધા હતા. આ ફિલ્મમાં અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ રાવલની કોમેડી પાવરહાઉસ ત્રિપુટી મુખ્ય ભૂમિકામાં હતી. હવે, બે દાયકા પછી, તેની સિક્વલ વિશે ચર્ચા વધી રહી છે. જોકે, ગોવિંદાએ તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે બહુપ્રતિક્ષિત સિક્વલ માટે તેનો સંપર્ક કરવામાં આવ્યો નથી. તેણે એ પણ જણાવ્યું કે શું તે ફિલ્મનો ભાગ બનવામાં રસ ધરાવે છે.ગોવિંદાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે કોમેડી સિક્વલ 'ભાગમ પાર્ટ ૨' માટે તેની પસંદગી કરવામાં આવી નથી. અભિનેતાએ કહ્યું, 'ભાગમ પાર્ટ ૨ માટે કોઈએ મારો સંપર્ક કર્યો નથી કે ચર્ચા કરવા બેઠા નથી. હું માત્ર ભાગમ પાર્ટ ૨ સાથે જ નહીં, પણ પાર્ટનર સહિત અન્ય ઘણી સિક્વલ સાથે પણ જોડાયેલો છું તે વિશે દરેક જગ્યાએ વાર્તાઓ ફેલાઈ રહી છે.

### મિસિંગ લેડીઝના ઓસ્કાર અભિયાનમાં આલ્ફોન્સો કુઆરોન આમિર સાથે જોડાયા

। મુંબઇ, તા.૪ ।

ઓસ્કાર ૨૦૨૫ માટે ભારતની સત્તાવાર એન્ટ્રીનું નામ બદલીને લોસ્ટ લેડીઝ રાખવામાં આવ્યું છે કારણ કે તે આંતરરાષ્ટ્રીય મંચ તરફ આગળ વધી રહી છે. ફિલ્મની ટીમ, જેણે હમણાં જ તેની એકેડેમી એવોર્ડ ઝુંબેશ શરૂ કરી હતી, તેને હવે ડિરેક્ટર આલ્ફોન્સો કુઆરોનના સમર્થનથી ભારે પ્રોત્સાહન મળ્યું છે, વેરાયટીના અહેવાલો. દિગ્દર્શક ૫ ડિસેમ્બરે લંડનમાં ફિલ્મનું સ્ક્રીનિંગ યોજશે.અહેવાલમાં જણાવાયું છે કે આલ્ફોન્સો કુઆરોન ફિલ્મ માટે બાફ્ટા કેમ્પેઈન સ્ક્રીનીંગનું આયોજન કરશે. અહેવાલમાં જણાવાયું છે કે ટીમ વ્યક્તિગત સ્ક્રીનીંગ દ્વારા ફિલ્મને પ્રમોટ કરવા આતુર છે, જેમાં બાફ્ટા હેડક્વાર્ટરમાં સત્રો પણ સામેલ હશે. જિયો સ્ટુડિયોના નિર્માતા જ્યોતિ દેશપાંડેએ જણાવ્યું હતું કે, 'જેણે પણ આ ફિલ્મ જોઈ છે તેને ગમ્યું છે અને તેણે વિવિધ સંસ્કૃતિના લોકોને પ્રભાવિત કર્યા છે. જો કે તે એક વ્યંગ્ય છે, પરંતુ તેને જોનાર દરેકને તે પસંદ આવી રહ્યું છે.તેમણે વધુમાં કહ્યું કે, 'ભારતે વૈશ્વિક ફિલ્મ ઉદ્યોગ માટે ઘણું કર્યું છે, ફિલ્મોની સંખ્યાના સંદર્ભમાં, આપણી ભાષાઓની સંખ્યાના સંદર્ભમાં આપણી સંસ્કૃતિ કેટલી સમૃદ્ધ છે. મને લાગે છે કે ભારત પરિપક્વ છે અને ઓસ્કાર જીતવાને લાયક છે.

### ફેમિના બની સાયબર ઠગનો શિકાર, ડિજીટલની ધરપકડ કરી રૂ. ૯૯ હજારની છેતરપિંડી કરી

। કોલકતા, તા.૪ ।

ભૂતપૂર્વ ફેમિના મિસ ઈન્ડિયા પશ્ચિમ બંગાળ શિવંકિતા દીક્ષિતની સાયબર ગુનેગારો દ્વારા ડિજિટલી ધરપકડ કરવામાં આવી હતી અને ૯૯ હજાર રૂપિયાની છેતરપિંડી કરી હતી. સીબીઆઈ અધિકારી હોવાનો દાવો કરતા સાયબર ગુનેગારે મની લોન્ડરિંગની વાત કહીને આરોપીઓને ધમકી આપી અને બાળકોની ખંડણીની રકમ ખાતામાં મોકલી આપી. બે કલાક સુધી ડિજિટલ અરેસ્ટમાં રહેલી શિવંકિતાને ખબર પડી કે પૈસા મોકલ્યા બાદ તેની સાથે છેતરપિંડી થઈ છે. ફરિયાદ સાયબર સેલને મોકલવામાં આવી છે.માનસ નગર શાહગંજની શિવાંકિતા દીક્ષિત વર્ષ ૨૦૧૭માં ફેમિના મિસ ઈન્ડિયા પશ્ચિમ બંગાળ હતી. હાલમાં તે મેક-અપ આર્ટિસ્ટની સાથે મોડલિંગ સાથે જોડાયેલી છે. શિવાંકિતા દીક્ષિતે જણાવ્યું કે મંગળવારે બપોરે ૪ વાગ્યે તેમના મોબાઈલ પર એક વોટ્સએપ કોલ આવ્યો. ફોન કરનારે પોતે સીબીઆઈ ઓફિસર તરીકે ઓળખાવતા કહ્યું કે તેના આધાર કાર્ડ સાથે નોંધાયેલા સિમ પર દિલ્હીની HDFC બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું છે.

### એક જ પરિવારના ત્રણ લોકોની હત્યા

# દિલ્હીના નેબ સરાય વિસ્તારમાં ટ્રિપલ મર્ડરના કારણે સનસનાટી મચી ગઈ

## ૧૯ વર્ષીય યુવકની નજીવી બાબતે થયેલા વિવાદ બાદ ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી

। નવીદિલ્હી, તા.૪ ।


દિલ્હીના નેબ સરાય વિસ્તારમાં ટ્રિપલ મર્ડરનો મામલો સામે આવ્યો છે. અજાણ્યા લોકો દ્વારા માતા, પિતા અને પુત્રીની હત્યા કરવામાં આવી હતી. ઘટના સમયે પુત્ર મોર્નિંગ વોક માટે ગયો હતો. જ્યારે તે પાછો આવ્યો ત્યારે તેણે જોયું કે ત્રણેયની હત્યા કરવામાં આવી છે. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે દક્ષિણ દિલ્હીના નેબ સરાય વિસ્તારમાં એક જ પરિવારના ત્રણ લોકોની જેમાં એક વ્યક્તિ, તેની પત્ની અને પુત્રીનો સમાવેશ થાય છે, તેમની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. પરિવારનો ચોથો સભ્ય તેમનો દીકરો બહાર ફરવા ગયો હતો. પોલીસ ઘટનાસ્થળે હાજર છે.મૃતકોની ઓળખ રાજેશ (૫૩ વર્ષ), કોમલ (૪૭ વર્ષ) અને કવિતા (૨૩ વર્ષ) તરીકે થઈ છે. ત્રણેયની છરી વડે હત્યા કરવામાં આવી હતી. હત્યાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. દુષ્કર્મ આચર્યા બાદ બદમાશો ભાગી ગયા હતા. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.પુત્ર સવારે ૫:૦૦ વાગ્યે ફરવા નીકળ્યો હતો અને બુધવારે સવારે ૭:૦૦ વાગ્યાની આસપાસ પાછો ફર્યો ત્યારે તેણે એક ભયાનક દ્રશ્ય જોયું. પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ જોઈને પુત્ર બેહોશ થઈ ગયો હતો. આ ઘટના કપલના લગ્નની વર્ષગાંઠ પર બની હતી. પોલીસને આશંકા છે કે હત્યા સવારે ૫:૦૦ થી ૭:૦૦ ની વચ્ચે થઈ હતી. અધિકારીઓએ મૃતદેહનો કબજો મેળવીને કેસની તપાસ શરૂ કરી છે.આ પહેલા સોમવારે બહારી દિલ્હીના મંગોલપુરી વિસ્તારમાં એક ૧૯ વર્ષીય યુવકની નજીવી બાબતે થયેલા વિવાદ બાદ ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

### સંભલ હિંસા માટે પાકિસ્તાનનું કનેક્શન સામે આવ્યું

# સંભલ હિંસામાં પાકિસ્તાનથી આવતા હથિયારો અને દારૂગોળાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

## એનઆઇએ દ્વારા તેની તપાસ કરવામાં આવી શકે । સંભલમાં તપાસ દરમિયાન, હિંસા પ્રભાવિત વિસ્તારોમાં નાળાઓ અને રસ્તાઓ પરથી તેમના પર પીઓએફ લખેલા કારતુસ મળી આવ્યા હતા

। લખનૌ, તા.૪ ।



ઉત્તર પ્રદેશના સંભલમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. સંભલ હિંસાના ઘટના સ્થળેથી પાકિસ્તાની કારતુસ મળી આવ્યા છે. અહીંથી પાકિસ્તાન ઓર્ડનન્સ ફેક્ટરીની ગોળીઓ મળી આવી છે. આ મામલાની ગંભીરતા અને પાકિસ્તાની કનેક્શનની શક્યતાને ધ્યાનમાં રાખીને એસપીએ કહ્યું છે કે એનઆઈએ દ્વારા તેની તપાસ કરવામાં આવી શકે છે. સંભલમાં તપાસ દરમિયાન, હિંસા પ્રભાવિત વિસ્તારોમાં નાળાઓ અને રસ્તાઓ પરથી તેમના પર પીઓએફ લખેલા કારતુસ મળી આવ્યા હતા.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર હિંસા દરમિયાન આ કારતુસ પોલીસ પર ફાયર કરવામાં આવ્યા હતા. પોલીસે અત્યાર સુધી હિંસામાંથી પિસ્તોલ અને લગભગ ૫૦ કારતુસ જપ્ત કર્યા છે. તપાસ દરમિયાન પોલીસે સ્થળ પરથી વિદેશી હથિયારોના શેલ પણ મળી આવ્યા છે. કિઓસ્ક પર મેડ ઈન યુએસએ લખેલું જોવા મળે છે. પોલીસ હવે તપાસ કરશે કે તોફાનીઓએ ફાયરિંગ વખતે વિદેશી હથિયારોનો ઉપયોગ કર્યો હતો કે કેમ અને આ હથિયારો તેમની પાસે ક્યાંથી આવ્યા? તેનો સ્ત્રોત શું હતો? આ શેલ અને હથિયારો સંભલ કેવી રીતે પહોંચ્યા?સંભલમાં હિંસાના ૧૦ દિવસ બાદ પણ પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસને અહીંથી ૩ બુલેટ સેલ મળી આવ્યા હતા. ત્રણેય મસ્જિદ સામેના રોડ પાસેના ગટરમાંથી મળી આવ્યા હતા. આવી સ્થિતિમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે કે શું તેમને જાણી જોઈને ગટરમાં ફેંકવામાં આવ્યા હતા કે પછી તેઓ હિંસા દરમિયાન અકસ્માતે પડી ગયા હતા? શું તોફાનીઓએ પુરાવાનો નાશ કરવા માટે તેને ગટરમાં ઠાલવ્યો હતો?

### તેલંગાણા-આંધ્રપ્રદેશના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા, મહારાષ્ટ્રમાં પણ ધરતી ધ્રૂજી

। નવીદિલ્હી, તા.૪ ।

આજે બુધવારે તેલંગાણા-આંધ્રપ્રદેશના ઘણા વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી. એટલું જ નહીં મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારે ૭.૨૦ થી ૭.૨૬ વચ્ચે લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. હૈદરાબાદ, હનુમાકોંડા, વારંગલ, ખમ્મામ, રંગારેડ્ડી, ભદ્રાદ્રી કોઠાગુડેમ, જગગૈયાપેટ, માનુગુરુ, ગોદાવરી ખાની, ભૂપાલપલ્લી, ચારલા, ચિંતકની, ભદ્રાચલમ, વિજયવાડા, જગગૈયાપેટ, તિરુવુરુ, મંગલાલગીરી, માનગાલાગીરી, માનગુરુ, ચુન્દાલમમાં ૨ સેકન્ડ માટે ભૂકંપ. લાગ્યું.

### રાજસ્થાન હાઈવે પર સફારી અને કેન્ટર વચ્ચે અથડામણ ૫ લોકોના મોત

। જયપુર, તા.૪ ।

રાજસ્થાનના સરદારશહર, ચુરુમાં મંગળવાર, ૩જી ડિસેમ્બરે સવારે ૨.૩૦ વાગ્યે એક મોટો માર્ગ અકસ્માત થયો હતો, જ્યાં હનુમાનગઢ મેગા હાઈવે પર સફારી કાર અને કેન્ટર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. બંને વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે સફારી કારને ખૂબ નુકસાન થયું હતું. આ કરૂણ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. અકસ્માતમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.ખરેખર સફારી વાહન સરદારશહેરથી હનુમાનગઢ તરફ જઈ રહ્યું હતું અને કેન્ટર હનુમાનગઢથી જ આવી રહ્યું હતું. દરમિયાન બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકોની મદદથી કારમાં ફસાયેલા લોકોને બે કલાકની જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. માહિતી મળતાં જ સરદારશહેર પોલીસ સ્ટેશન પણ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું.કારમાંથી તમામ ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં પાંચ લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને બેની હાલત ગંભીર છે.

### દક્ષિણ કોરિયા અને સિંગાપોરમાં | આ કંપનીઓ કોમ્પ્યુટર ચિપ્સ, ચિપ બનાવવાના સાધનો અને સોફ્ટવેર બનાવવા માટે વપરાતા સાધનો બનાવે છે

# ડ્રેગને ૧૪૦ નવી ચીની ટેક્નોલોજી કંપનીઓ પર યુએસ પ્રતિબંધ

। વોશિગ્ટન, તા.૪ ।



યુએસ કોમર્સ ડિપાર્ટમેન્ટે નિકાસ પ્રતિબંધોને આધીન ચીની ટેક્નોલોજી કંપનીઓની યાદીને વિસ્તૃત કરી છે, જેમાં નવી ૧૪૦ કંપનીઓનો ઉમેરો કર્યો છે. આ કંપનીઓ કોમ્પ્યુટર ચિપ્સ, ચિપ બનાવવાના સાધનો અને સોફ્ટવેર બનાવવા માટે વપરાતા સાધનો બનાવે છે. તમામ કંપનીઓ ચીન સ્થિત છે. પરંતુ આ યાદીમાં જાપાન, દક્ષિણ કોરિયા અને સિંગાપોરમાં ચીનની માલિકીના વ્યવસાયો પણ સામેલ છે. ચીને આનો વિરોધ કર્યો છે.

સુધારેલા નિયમો ચીનમાં ઉચ્ચ-બેન્ડવિડ્થ મેમરી ચિપ્સની નિકાસને પણ મર્યાદિત કરે છે. અમેરિકી વાણિજ્ય સચિવ જીના રેમોન્ડોએ જણાવ્યું હતું કે આ પગલાનો ઉદ્દેશ્ય અમારી રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકતી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવાની ચીનની ક્ષમતાને ખલેલ પહોંચાડવાનો છે. આનો અર્થ એ થયો કે યાદીમાં સામેલ કંપનીને અમેરિકામાં નિકાસ લાયસન્સ આપવાનો ઈનકાર કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે, અમેરિકા આવા નિકાસ નિયંત્રણોથી પ્રભાવિત કંપનીઓની સંખ્યા ધીમે ધીમે વધારી રહ્યું છે.યુએસએ ચીન પર નવા સેમિકન્ડક્ટર એક્સપોર્ટ કંટ્રોલ પેકેજની જાહેરાત કરીને એઆઈ માટે હાઈ-એન્ડ ચિપ્સ પર નિયંત્રણો લાદ્યા છે. દક્ષિણ કોરિયાના ઉદ્યોગોને પણ તેની અસર થશે. ઉચ્ચ બેન્ડવિડ્થ મેમરી ચિપ્સ પર પ્રતિબંધ દક્ષિણ કોરિયાની બે કંપનીઓ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ અને એસકે હાઈનિક્સ અને માઈક્રોન ટેક્નોલોજીને પણ નિશાન બનાવે છે.ચીપ કોમ્પોનન્ટ્સ અને છેં ટેક્નોલોજીની ચીનની ઍક્સેસ પર યુએસના નવા પ્રતિબંધોની જાહેરાત બાદ સેક્ટરના શેરો અને સેમિકન્ડક્ટરના શેરોમાં વધારો થયો હતો. ફિલાડેલ્ફિયા સ્ટોક એક્સચેન્જ સેમિકન્ડક્ટર ઈન્ડેક્સ ૨.૯% વધ્યો હતો, જ્યારે નાસ્ડેકમાં ૧.૧% નો વધારો જોવા મળ્યો હતો.

### બે જહાજો ભારતના પણ સામેલ

### ૧ ઓક્ટોબરે ઇઝરાયેલ વિરુદ્ધ ઈરાની હુમલા અને ૧૧ ઓક્ટોબરના રોજ જારી કરાયેલા પ્રતિબંધોને પગલે આ કાર્યવાહી કરવામાં આવી હતી

# અમેરિકાએ ઈરાની તેલનું પરિવહન કરતા ૩૫ જહાજો પર પ્રતિબંધ લાદ્યો

। વોશિગ્ટન, તા.૪ ।



યુએસએ અન્ય દેશોમાં ઈરાની તેલ મોકલતી ૩૫ સંસ્થાઓ અને જહાજો પર પ્રતિબંધો લાદ્યા છે, જેમાંથી બે ભારતના છે. તેમાં વિઝન શિપ મેનેજમેન્ટ એલએલપી અને ટાઈટશિપ શિપિંગ મેનેજમેન્ટ (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત UAE, ચીન, લાઈબેરિયા, હોંગકોંગ વગેરેની કંપનીઓ અને જહાજોને પણ આ પ્રતિબંધો હેઠળ સામેલ કરવામાં આવ્યા છે.એક નિવેદનમાં, યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે ૧ ઓક્ટોબરે ઈઝરાયેલ વિરુદ્ધ ઈરાની હુમલા અને ૧૧ ઓક્ટોબરના રોજ જારી કરાયેલા પ્રતિબંધોને પગલે આ કાર્યવાહી કરવામાં આવી હતી. અમેરિકાનું કહેવું છે કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ, મિસાઈલ અને ડ્રોન વિકસાવવા માટે તેલની આવકનો ઉપયોગ કરી રહ્યું છે, જે પ્રાદેશિક આતંકવાદી પ્રવૃત્તિઓને વેગ આપે છે."ઈરાન તેના પરમાણુ કાર્યક્રમના વિસ્તરણ, બેલિસ્ટિક મિસાઈલ, ડ્રોન ટેક્નોલોજી અને તેના પ્રાદેશિક આતંકવાદી જૂથોને ટેકો આપવા માટે તેના તેલના વ્યવસાયમાંથી કમાણી કરે છે," બ્રેડલી ટી. સ્મિથે, આતંકવાદ અને નાણાકીય ગુપ્તચર કાર્યકારી અન્ડરસેક્રેટરી જણાવ્યું હતું. આ પ્રદેશને વધુ અસ્થિર બનાવી શકે છે.તેમણે એમ પણ કહ્યું કે યુ.એસ. તેના તમામ સાધનો અને સત્તાધિકારીઓનો ઉપયોગ કરીને જહાજો અને ઓપરેટરોના ગુપ્ત કાફલાને વિક્ષેપિત કરવા માટે પ્રતિબદ્ધ છે જે આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને સુવિધા આપે છે.યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, ભારત સ્થિત વિઝન શિપ મેનેજમેન્ટ એલએલપી ફોનિક્સનું સંચાલન અને સંચાલન કરે છે, જે અગાઉ લુના લેક તરીકે જાણીતું હતું.

## રાજકોટમાં ૯ કિલો ગાંજા સાથે એક વ્યક્તિ ઝડપાયો

। રાજકોટ, તા.૪ ।

રાજ્યમાં ડ્રગ્સ અને નશાકારક પદાર્થોનો કારોબાર જાણે બે રોક ટોક ચાલી રહ્યો હોય એવી ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે રાજકોટમાં પણ નશાકારક પદાર્થો એવા ડ્રગ્સ-ગાંજો સહિતની વસ્તુઓ વારંવાર ઝડપાવાની ઘટનાઓ સામે આવી રહી છે. રાજકોટમાં પણ નશાકારક પદાર્થો એવા ડ્રગ્સ-ગાંજો સહિતની વસ્તુઓ વારંવાર ઝડપાવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે ગઈકાલે રાજકોટ એસઓજી ટીમે શખ્સને રાજકોટના ગવરીદળ નજીક ૯ કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. મૂળ રાજસ્થાનો હાલ મોરબી રહેતો જગદીશ બિશ્નોઈ શખ્સ પાસેથી ૯ કીલોથી વધુ ગાંજાનો જથ્થો મળ્યો હતો. રાજકોટમાં ડિલવરી કરે તે પ હેલા એસઓજી ટીમે શખ્સને ઝડપ્યો હતો.

### રાજ્ય સરકાર સ્વસ્થ બને જંત્રી એ સ્ટેમ્પ ડ્યુટી છે ટેક્સ નથી

# સુચિત ઉંચી જંત્રીની ભલામણ સુચવતી રાજ્ય સરકાર ખુદ સરકારી પરિપત્રનુ ઉલંઘન કરી રહી છે : કોંગ્રેસ

### ૧૩ વર્ષ બાદ સીધો ૨૦૦૦ % સુધી જંત્રી વધારો કરવાની ભલામણ એ ક્યા પ્રકારનો વહીવટ છે ?

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૪ ।



સુચિત ઉંચી જંત્રીની ભલામણ સુચવતી રાજ્ય સરકાર ખુદ સરકારી પરિપત્રનુ ઉલંઘન કરી રહી છે, ઉંચી જંત્રીની ભલામણ રાજયના વિકાસને અવરોધનારી અને આમ નાગરિકની આર્થિક રીતે કમર તોડનારી બની રહેશે, માટે સદરહુ સુચિત જંત્રીનો કોંગ્રેસ સખત વિરોધ કરે છે.૨૦૧૧ ના જંત્રી વધારાના પરિપત્ર મૂજબ વાર્ષિક ૮% વધારો સુચવેલ છે, તે મુજબ દર વર્ષે ૮ % મુજબ વધારો કરેલ નહી અને ૧૩ વર્ષ બાદ સીધો ૨૦૦૦ % સુધી જંત્રી વધારો કરવાની ભલામણ એ ક્યા પ્રકારનો વહીવટ છે ? રાજ્ય સરકાર જંત્રીના પરિપત્ર મુજબ વર્ષે ના ૮% વધારા મુજબ ૧૩ વર્ષની ૧૦૪ % જંત્રી વધારો કરવા સરકાર વિચારી શકે છે. એક સાથે ૨૦૦૦ % સુધીનો જંત્રી વધારો સુચવવો એ ગુજરાતના વિકાસને અવરોધનારો નિર્ણય છે.રાજ્ય સરકાર સ્વસ્થ બને જંત્રી એ સ્ટેમ્પ ડયુટી છે ટેક્સ નથી, ડ્યુટી અને ટેક્ષમા તફાવત છે, ટેક્ષ સરકાર માટે સરકાર ચલાવવાનુ સાધન છે પરંતુ ડ્યુટીને આવકનુ સાધન ન બનાવો, ડ્યુટી એ જનતાની સંપ તિના કાગળો અને રેકર્ડના રખ રખાવ ખર્ચ માટેનુ ભંડોળ હોય છે. અને સ્ટેમ્પ ડ્યૂટી ગૂજરાત સરકારની આવક છે, લોંગ ટર્મ ટેક્સ ભારત સરકારની આવક છે,આમ જ્યારે સરકાર સરકારી જમીન તેના માનીતાઓને ભેટ દેવી હોય ત્યારે જંત્રીના ભાવને અવગણી કલેક્ટર કે ઉચ્ચ અધિકારીઓની સમિતી-કમિટી સગઠન કરી, રાજયની જનતાના વિશાળ લાભોને કાગળ ઉપર ઉતારીને પાણીના ભાવે સમપ ્ણ કરવામા આવે છે. અને આવી કરોડો ચો.મીટર જમીનો સરકારી રેકર્ડમાથી ઓછી થઈ છે.આમ રાજ્ય સરકારે સુચવેલ નવી જંત્રી મંદીને આમંત્રણ આપ નારી, રાજ્યના ધંધા રોજગાર બંધ કરનારી અને મોંઘવારી વધારનારી સાબિત થશે.

### સબ રજિસ્ટ્રારની કચેરીમાંથી ભૂપેન્દ્રસિંહની મિલકતોનાં ડેટા એકત્ર કરવામાં આવ્યા

### રાજ્યમાં પોંઝી સ્કીમો થકી રૂ. ૬ હજાર કરોડનું મસમોટું કૌભાંડ આચરનાર બીઝેડ ગ્રૂપનાં માલિક અને મહાઠગ ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે સીબીઆઇ ક્રાઈમે તપાસ તેજ કરી

# ભાંડી ભૂપેન્દ્ર ઝાલાએ રોકાણકારોના નાણાંમાંથી કરોડોની મિલકત ખરીદી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૪ ।

રાજ્યમાં પોંઝી સ્કીમો થકી રૂ. ૬ હજાર કરોડનું મસમોટું કૌભાંડ આચરનાર બીઝેડ ગ્રૂપ નાં માલિક અને મહાઠગ ભૂપ ેન્દ્રસિંહ ઝાલા સામે સીબીઆઇ ક્રાઈમે તપાસ તેજ કરી છે. મોડાસામાંથી સીઆઇડી ક્રાઈમે મહાઠગની પ્રોપર્ટીની વિગતો મેળવી છે. સીઆઈડી ક્રાઇમ દ્વારા મોડાસા સબ રજિસ્ટ્રારની કચેરીમાંથી ભૂપેન્દ્રસિંહ ઝાલાની મિલકતોનાં ડેટા એકત્ર કરવામાં આવ્યા છે, જેમાં રોકાણકારોનાં રૂપિયાથી કરોડોની મિલકત ખરીદી હોવાનું ખુલ્યું છે.રાજ્યમાં રોકાણકારોનાં કરોડો રૂપિયા ચાઉં કરનાર બીઝેડ ગ્રૂપનાં માલિક અને મહાઠગ ભૂપેન્દ્રસિંહ ઝાલા પર ગાળિયો કસાશે.માહિતી અનુસાર, કૌભાંડની તપાસ હેઠળ સીઆઇડી ક્રાઈમ મોડાસા પહોંચ્યું હતું અને ત્યાં સબ રજિસ્ટ્રારની કચેરીમાંથી ભૂપ ેન્દ્રસસિંહ ઝાલાની મિલકતો સંબંધિત ડેટા એકત્ર કર્યા હતા. સાથે જ બીઝેડ ની જમીન અન્યને ટ્રાન્સફર ન થાય માટે પણ મૌખિક સૂચના અપ ાઈ છે.સીઆઇડી ક્રાઈમની તપાસ અનુસાર, ભૂપેન્દ્રસિંહ ઝાલા દ્વારા મોડાસા તાલુકામાં અત્યારસુધી ૫ સંપત્તિઓની ખરીદી કરાઈ હતી.માહિતી મુજબ, વર્ષ ૨૦૨૩ થી અત્યાર સુધીમાં કરોડોની અલગ-અલગ સ્થળે ૩૦ વીઘા જમીનની પણ ખરીદી કરવામાં આવી છે.





















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya